Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૪ મું. આત્મ સં. ૫૧ સંવત ૨૦૦૩.

અંક ૮ મો. ફાગણ : માર્ચ

પ્રકાશન તા. ૧-૩-૧૯૪૭

વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—

: શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર :

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા.


| | | |
|---|---|---|
| ૧ શ્રી ધર્મનાથ સ્તવન ... ... ... | ...મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ | ૧૨૭ |
| ૨ મહાવીર જીવનપ્રસંગ (રાસ) ... ... ... | ,, ,, | ૧૨૮ |
| ૩ પરમપૂજ્ય શ્રી સિદ્ધસેન દિવાકરજી મહારાજે રચેલા ઉપલબ્ધ કેટલાએક ગ્રંથોનો ટૂંક પરિચય ... ... ... | આચાર્યશ્રી વિજયપદ્મસૂરિ | ૧૨૯ |
| ૪ આત્મ સન્માન ... ... ... ... ... | આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી | ૧૩૨ |
| ૫ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અનુભાગાદિથી થતી આત્મા પર અસર... | મુનિશ્રી પુણ્યવિજયજી(સંવિગ્નપાક્ષિક) | ૧૩૬ |
| ૬ શ્રી સીમંધરસ્વામીને વિનતી ... ... ... | મુનિશ્રી ધુરંધરવિજયજી | ૧૩૮ |
| ૭ જ્ઞાનગીતા શતક ... ... ... | શ્રી અમરચંદ માવજી શાહ | ૧૪૨ |
| ૮ પ્રત્યેક બુદ્ધ ... ... ... ... ... ... | રા. ચોકસી | ૧૪૩ |
| ૯ વર્તમાન સમાચાર ... ... ... ... ... ... | સભા | ૧૪૫ |
| ૧૦ સ્વીકાર અને સમાલોચના... ... ... ... ... ... ... | | ૧૪૫ |
| ૧૧ સદ્‌વિચાર રત્ન ... ... ... ... ... ... | શ્રી નાનાભાઇ ભટ્ટ | ૧૪૬ |


## અમારી સભા તરફથી થયેલી નવી યોજના.

( સમર્થ તાર્કિકચક્રવર્તી )

### શ્રી સિંહસૂરવાદિગણિક્ષમાશ્રમણ વિરચિત

## द्वादशारनयचक्रटीका

નયવાદપારંગત તાર્કિકશિરોમણિ **આચાર્ય શ્રી મલ્લવાદીપ્રણીત द्वादशारनयचक्र** મૂલ ગ્રંથ કે જે ભાષ્યસ્વરૂપ છે તે તો આજે અપ્રાપ્ય છે-કયાંય એ ગ્રંથ મળતો નથી. આજે તો એ જૈન દર્શન પ્રભાવક સમર્થ દાર્શનિક ગ્રંથની માત્ર **श्रीसिंहसूरवादिगणिक्षमाश्रमण** કૃત ટીકા જ મળી શકે છે. એ ટીકા પણ અતિ અશુદ્ધ અને ભ્રષ્ટસ્વરૂપ થઇ જવાને લીધે તેની એક શુદ્ધ હસ્તપ્રતિ ન્યાયાચાર્ય શ્રી યશોવિજયોપાધ્યાયે પોતાના હાથે કરી હતી. પરંતુ આજે એ પ્રતિ પરિચિત કોઇ ભંડારમાં જોવામાં નથી આવતી. એટલે એ પ્રતિ ઉપરથી લખાએલા અતિવિષમ રીતે ભ્રષ્ટ થએલા જે આદર્શો જોવામાં આવ્યા છે તે બધાયને એકત્ર કરી તેના આધારે પ્રસ્તુત ગ્રંથના પ્રકાશનની યોજના હાથ ધરવામાં આવી છે. આ ગ્રંથના સંશોધન અને સંપાદનને લગતું અતિગંભીર કાર્ય પૂજ્યપાદ મહારાજ **શ્રી પુણ્યવિજયજી**ની દેખરેખ અને સાન્નિધ્યથી વયોવૃદ્ધ ચિરદીક્ષિત શાંતમૂર્તિ તપસ્વી આચાર્યપ્રવર શ્રી ૧૦૦૮ **શ્રી સિદ્ધિસૂરીશ્વરજી** મહારાજના પ્રશિષ્ય મુનિવર્ય **શ્રી ભુવન**વિજયજીના વિદ્વાન્ શિષ્ય **મુનિ શ્રી જંબૂવિજયજી મહારાજ** કરી રહ્યા છે.

પ્રસ્તુત મહાન્ ગ્રંથના સંશોધન માટે એની અનેકાનેક પ્રાચીન પ્રતિઓ એકત્ર કરવામાં આવી છે એટલું જ નહિ પરંતુ તે ઉપરાંત અનેકાનેક પ્રાચીન પ્રાચીનતમ દુર્લભ દાર્શનિક મુદ્રિત તેમજ હસ્તલિખિત ગ્રથો વગેરે વિશિષ્ટ સાધન સામગ્રી એકત્ર કરી પ્રસ્તુત ગ્રંથને શુદ્ધતમ બનાવવા માટે પ્રયત્ન કરવામાં આવે છે-આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૩. | ફાગણ | પુસ્તક ૪૪ મું. |
| વિક્રમ સં. ૨૦૦૩. | :: ઇ. સ. ૧૯૪૭ માર્ચ :: | અંક ૮ મો. |

## શ્રી ધર્મનાથ-સ્તવન.

### રચયિતા-મુનિરાજ શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ.

( લાખ લાખ દીવડા......એ રાગ. )

નયને નિહાળ્યા આપને જિનેશ્વર,
ભવભવનાં દુઃખો ભૂલાય......આપની મૂર્તિ નિહાળી—ટેક.
ધર્મે રમું, પ્રભુ ધર્મનાથ સ્વામી,
શુભ ભાવો અંતર ઉભરાય....................આપની......૧.
જ્યોતિ ત્રસી, દિવ્ય આપના સ્વરૂપે,
તેનો પ્રકાશ ઉર થાય.........................આપની......૨.
મિથ્યા ભમ્યો ચક્ર ચોરાશી ફંદમાં,
સાર શ્રેષ્ઠ ચરણે સોહાય......................આપની......૩.
ભાવે ફસે, પદ્મ હૈયે મધુપો,
એવી પ્રીતિ પરમ થાય.........................આપની......૪.
રાગો જૂઠા સર્વ સંસાર સ્નેહના,
માનવ સૌ મિથ્યા લપટાય....................આપની......૫.
સાચી પ્રભુ એક ભક્તિ તુમારી,
ભવફેરા બંધથી છુટાય.........................આપની......૬.
આપને ભજું, સ્વામી અલખ સ્વરૂપી,
ચિદ્દઘન પ્રતાપી જિનરાય......................આપની......૭.
સ્થાપો શિશુ, પ્રભુ અજિત ધામમાં,
**હેમેન્દ્ર** ભજતાં હરખાય.........................આપની......૮.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " મહાવીર જીવનપ્રસંગ " ( રાસ )

રચયિતા:—**મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી**

( લાખ લાખ દીવડા—એ રાગ. )

લાખ લાખ દેવો સુહાય, ભાવના ઝીલો પ્રભુની.......... ૧
જન્મ સમે સર્વ હુલવે ઇન્દ્રાણીઓ, અભિષેકી ઇન્દ્રો હરખાય...ભાવના. ૨
ત્રિશલા માતા, હર્ષ ઝુલે ઝુલી રહ્યાં, સિદ્ધાર્થ સુખ ના સમાય...ભાવના. ૩
ક્રીડા કરી રૂડી આમલકી હોંશથી, જીત્યો ત્યાં દેવને જિનરાય...ભાવના. ૪
શક્તિ જાણી, સુર મહાવીર માને, કીર્તિ ત્રણ લોકે ગવાય...ભાવના. ૫
યૌવન વયે ભોગ નિર્લેપ માણ્યા, પત્ની યશોદા ગુણ ગાય...ભાવના ૬
વર્ષીદાને ઋણ માનવનું ટાળ્યું, દીક્ષા લાખેણી ત્યાં થાય...ભાવના. ૭
લાખો સહ્યા તીવ્ર પરિષહ કર્મના, કર્મો ખપાવ્યાં જગરાય...ભાવના. ૮
કેવળ જ્ઞાને પ્રભુ શોભ્યા ગુણો ધરી, વૈશાખી શુકલ દશમ થાય...ભાવના. ૯
સર્વ ઋતુ ફાલી સમકાલે ભાવથી, સુવર્ણ કમળો પથરાય...ભાવના. ૧૦
પશુ પક્ષી સર્વ કરતાં પ્રદક્ષિણા, વૃક્ષો અર્પે પુષ્પ થાય...ભાવના. ૧૧
હિંસા તજે સર્વ હિંસક પશુગણો, જન્મોનાં વૈરી ભૂલાય...ભાવના. ૧૨
શ્રેણિક રાજા અને રાજા શતાનિક, ભજતા પ્રભુને નરરાય...ભાવના. ૧૩
દાન લીધા અડદ ચંદના સતીના, સુલસા ને રેવતી દુઃખ જાય...ભાવના. ૧૪
ચોત્રીસ ધરે પ્રભુ અતિશય સર્વદા, પાંત્રીસ વાણી ગુણ ગવાય...ભાવના. ૧૫
પાવાપુરી પામ્યા નિર્વાણસ્થાનને, ગૌતમને સ્થાપ્યા ગણરાય...ભાવના. ૧૬
આપી પ્રભુ રૂડી વિશ્વપ્રેમ ભાવના, ઉપકારો શાને ભૂલાય ?...ભાવના. ૧૭
ગાજી રહી, જગે ભાવના અહિંસા, દયાના મંત્રો સંભળાય...ભાવના. ૧૮
તાર્યા પ્રભુ ભક્તા લાખો દયા કરી, મુજને તારો કરી સ્હાય...ભાવના. ૧૯
અજિત પદે પ્રભુ સ્થાપો પ્રતાપી, **હેમેન્દ્ર** ચરણે સમાય...ભાવના. ૨૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમપૂજ્ય શ્રી સિદ્ધસેન દિવાકરજી મહારાજે રચેલા ઉપલભ્ય કેટલાએક ગ્રંથોનો ટૂંક પરિચય.

લેખકઃ–આચાર્યશ્રી વિજયપદ્મસૂરિ.

("વિક્રમ રાજાને જૈન બનાવનાર શ્રી સિદ્ધસેન દિવાકર" આ નામનો લેખ થોડા વખત પહેલા શ્રી આત્માનંદ પ્રકાશમાં આપ્યો હતો. તેમાં છેવટે કરેલી સૂચના પ્રમાણે હવે દિવાકરજી મહારાજે બનાવેલા ગ્રંથોનો ટૂંક પરિચય જરૂર જણાવવો જોઇએ. આ ઇરાદાથી જે જે સાધનોદ્વારા જે જે બીના મળી તે ટૂંકામાં જણાવું છું.)

ઐતિહાસિક તત્ત્વોની શોધખોળ કરવામાં પ્રયત્નશીલ ભારતીય તત્ત્વજ્ઞો તે તે ઐતિહાસિક ગ્રંથોના આધારે જણાવે છે કે–શ્રી સિદ્ધસેન દિવાકરજી મહારાજા શ્રી વીર નિર્વાણ સંવતના ચોથા પાંચમા સૈકાના વચલા સમયમાં હયાતી ધરાવતા હતા. આથી કહી શકાય કે લગભગ તે સમયમાં પોતાના ગ્રંથો બનાવ્યા હોય. હાલમાં મળી શકતા ૧ ન્યાયાવતાર, ૨ સન્મતિતર્ક, ૩ કલ્યાણમંદિર, ૪ વર્ધમાનદ્વાત્રિંશિકા સટીક તથા સાર્થ વગેરે ગ્રંથોનું અવલોકન કરતાં પ્રશ્નોની પરંપરા એક પછી એક આ રીતે થાય છે કે—

શ્રી સમ્મતિ પ્રકરણ વગેરેમાંના દરેક ગ્રંથ શ્રી દિવાકરજી મહારાજાએ કયા સ્થાને કઇ સાલમાં બનાવ્યો? વગેરે પ્રશ્નોનું સમાધાન મળવું મુશ્કેલ છે; કારણ કે કેટલાક ગ્રંથોમાં તો તેમણે પોતાનું સિદ્ધસેન નામ પણ સ્પષ્ટ રીતે જણાવ્યું નથી. ફક્ત કલ્યાણમંદિરમાં પોતાનું સંયમી અવસ્થાનું પ્રાથમિક નામ જણાવ્યું છે. આ પદ્ધતિનું રહસ્ય વિચારતાં એમ જણાય છે કે ગ્રંથરચનાને અંગે સ્થાન, સાલ વગેરે જણાવવાની પદ્ધતિ તે સમયે નહિ હોય અને તે જ પદ્ધતિ શ્રી હરિભદ્રસૂરિ, મલયગિરિજી મહારાજ વગેરે મહાપુરુષોએ બનાવેલા ગ્રંથોમાં પણ ઓછા વધતા પ્રમાણમાં જોવાય છે, પરંતુ સદ્ભાગ્ય એ છે કે–શ્રી હરિભદ્રસૂરિજી વગેરે કેટલાએક મહાપુરુષોએ છેવટે પોતાનું નામ જણાવેલ હોવાથી આ ગ્રંથ તેમણે બનાવેલો છે એમ નિશ્ચય કહી શકાય છે. પણ તે તે સ્થલે નહિ જણાવવાની પદ્ધતિને લઇને ગ્રંથરચના ક્ષેત્ર તથા ગ્રંથરચના સાલ નિશ્ચયથી જાણી શકાતા નથી. પૂજ્યપાદ આચારાંગસૂત્રની ટીકા બનાવનાર શ્રી શીલાંકાચાર્ય મહારાજે આચારાંગસૂત્રની શસ્ત્રપરિજ્ઞાધ્યયનની ટીકા કરતાં જણાવ્યું છે કે—

**आर्यावृत्त—शस्त्रपरिज्ञाविवरण–मतिबहु–गहनं च गंधहस्तिकृतम् ॥ तस्मात्सुखबोधार्थं गृह्णाम्यहमञ्जसा सारम् ॥ १ ॥**

**અર્થ—**શ્રી ગંધહસ્તિ મહારાજે આ પહેલા શસ્ત્રપરિજ્ઞા નામના અધ્યયનનું વિવરણ કર્યું હતું, તે અતિશય કઠિન છે. જેમ બાળજીવો સ્હેલાઇથી સમજી શકે તે રીતે હું તેમાંથી (તે ગંધહસ્તિકૃત વિવરણમાંથી) જલ્દી સાર લઉં છું. અહીં જણાવેલા '**अतिबहुगहनं**' આ શબ્દથી સમજાય છે કે–ગંધહસ્તિ મહારાજે વિવરણમાં એકાંત દર્શનોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરાવી સ્યાદ્વાદ દર્શનના મુખ્ય મુખ્ય તત્વોની વિશાલ ચર્ચા કરી તેની વિશિષ્ટતા સાબિત કરી હોય. આવા મહાપુરુષો શ્રી આચારાંગ સૂત્રના એક અધ્યયનનું વિવરણ કરે, અને બાકીના અધ્યયનોનું વિવરણ ન કરે, એવું કેમ બને ? આ બાબતમાં બે વિચારો સંભવે છે. ૧. વિવરણ કરતાં જીવન દોરી ત્રૂટવાથી કદાચ તે કામ અપૂર્ણ રહ્યું હોય. ૨. અથવા તે વિવરણ સંપૂર્ણ કર્યું હોય, છતાં ભૂતકાલમાં થયેલા અનેક આક્રમણોના જુલ્મોને લઇને તે નાશ પામ્યું હોય. આ બે વિચારમાં સત્ય નિર્ણય જ્ઞાની જાણે. શ્રી જૈનેન્દ્ર શાસનમાં થયેલા ધુરંધર અનેક વિદ્વાનોમાં કેટલાએક વિદ્વાનો ગંધહસ્તિ શબ્દથી 'સિદ્ધસેન દિવાકર' જણાવે છે. તેમની ગંધહસ્તિ નામે પ્રસિદ્ધિ હોવાનું કારણ એ જણાય છે કે તેઓશ્રી મહા-સમર્થ વાદી હતા તેથી તેમનું નામ સાંભળીને ભલભલા વાદીઓ ભાગી જતા હતા. આવા આવા અનેક કારણોને લઇને તેમની ગંધહસ્તિ નામે પ્રસિદ્ધિ થઇ હોય, તેમ સંભવે છે. આ વિચારનું મૂલ સ્થાન શક્રસ્તવનું 'પુરિસવરગંધહત્થીણં' આ પદ છે. તેના વિવરણમાં ટીકાકાર–શ્રી ધર્મસાગર ઉપાધ્યાય વગેરે મહાપુરુષોએ જણાવ્યું છે કે–હાથીઓની જાતિમાં ગંધહસ્તી મહાબલવંત અને ઉત્તમ ગણાય છે. તેની ગંધથી બીજા હાથીઓ ભાગી જાય છે, તેથી જેમ તે સર્વ હાથીઓમાં શ્રેષ્ઠ ગણાય છે, તેમ પ્રભુ દેવના પસાયે તમામ ઉપદ્રવો ભાગી જાય છે. (નાશ પામે છે) આ રીતે તમામ શ્રેષ્ઠ પુરુષોમાં ગંધહસ્તિ જેવા શ્રી અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ. આ રીતે દિવાકરજી મહારાજના અનુપલબ્ધ ગ્રંથની બીના જણાવીને હવે ૧. શ્રી સમ્મતિ પ્રકરણ. ૨. દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા. ૩. ન્યાયાવતાર. ૪. વર્ધમાનદ્વાત્રિંશિકા. ૫. કલ્યાણમંદિર સ્તોત્ર. ૬. સંસ્કૃત શક્રસ્તવ વગેરેની બીના જણાવું છું.

૧. સમ્મતિ (સન્મતિ) તર્ક પ્રકરણ— ન્યાય તર્ક ગ્રંથોમાં આ ગ્રંથ મુખ્ય ગણાય છે. તેના ત્રણ વિભાગ છે. કર્ત્તાએ એ દરેક વિભાગને કાંડ સંજ્ઞા આપી ઓળખાવ્યા છે. પહેલા કાંડમાં ૫૪ ગાથા, બીજા કાંડમાં ૪૩ ગાથા, ત્રીજા કાંડમાં ૬૯ ગાથા છે. સર્વ મળી પ્રાકૃત ૧૬૬ ગાથાઓ ત્રણે કાંડની થાય છે. જૈન સાહિત્ય સંશોધક વર્ષ પહેલાના ભાગ ૧, અંક ૨ ના ૧૦૫ મા પાનામાં 'બૃહટ્ટિપનિકા' નામ પ્રાચીન જૈન ગ્રંથસૂચી આપી છે. તેમાં ૧. અગીઆર અંગ. ૨. બાર ઉપાંગ. ૩. આવશ્યક–મૂલ–છેદ સૂત્રવૃત્ત્યાદિ. ૪. આગમેતર ચરણકરણાનુયોગાદિ ગ્રંથો. ૫. કથાનુયોગ ગ્રંથો. ૬. ન્યાયતર્ક ગ્રંથો. ૭. વ્યાકરણ કોશ ગ્રંથો. ૮. છંદ સાહિત્ય ગ્રંથો. ૯. ગદ્ય પદ્ય કાવ્ય ગ્રંથો. ૧૦. નાટક ગ્રંથો. ૧૧. જ્યોતિઃ-શકુન યોગામ્નાય મંત્ર કલ્પ સામુદ્રિક શાસ્ત્રો. ૧૨. પ્રકીર્ણ ગ્રંથો. આ રીતે બાર વિભાગ પાડીને ૬૫૩ ગ્રંથોને અંગે ઉપલબ્ધ અનુપ-લબ્ધ ટીકાદિ ગ્રંથોના પ્રમાણકર્ત્તા રચના સંવત્ મૂલ વગેરેના શ્લોકોનું પ્રમાણ વગેરે બીના ટૂંકામાં છતાં બહુ જ જરૂરી જણાવી છે. તેમાં આ સમ્મતિ પ્રકરણ મૂલની ગાથાઓ ૧૭૦ છે, એમ જણાવ્યું છે. વધુમાં એ પણ જણાવ્યું કે– પ્રાકૃતભાષાનિબદ્ધ આ પ્રકરણની ઉપર શ્રી પ્રદ્યુમ્નસૂરિના શિષ્ય તર્કપંચાનન શ્રી અભય-દેવસૂરિ મહારાજે તત્ત્વબોધવિધાયિની નામની ૨૫૦૦૦ શ્લોકપ્રમાણ વિસ્તૃત ટીકા બનાવી હતી. તે પુસ્તકાકારે પાંચ વિભાગમાં પુરાતત્ત્વ-મંદિર (વિદ્યાપીઠ) તરફથી છપાઈ છે, અને શ્રી ગ્રંથ પ્રકાશક સભા તરફથી પ્રતાકારે એક ભાગ છપાયો છે, ને બીજા ભાગો છપાય છે. આ ટીકા કરતાં પણ પ્રાચીન ટીકાઓ બીજી પણ બે ત્રણ છે, એમ તે બૃહટ્ટિપ્પનિકામાં જણાવ્યું છે. તેમાં ૧ કેટલાએક ઇતિહાસ-વેત્તાઓનું માનવું છે કે–આ ગ્રંથની ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વોપજ્ઞ ટીકા હોવા સંભવ છે. ૨ મલ્લવાદીએ ૭૦૦ શ્લોકપ્રમાણ ટીકા બનાવી હતી, તે હાલ મળી શકતી નથી. ૩ સમ્મતિવૃત્તિરન્યકર્તૃકા એટલે બીજા કોઇની બનાવેલી સમ્મતિસૂત્રની ટીકા આ પ્રમાણે જણાવ્યું છે. પૂજ્ય શ્રી અભયદેવસૂરિ મહારાજે બનાવેલી ટીકાનું નામ જેમ તત્ત્વબોધવિધાયિની છે તેવી રીતે તે વાદમહાર્ણવ નામથી પણ પ્રસિદ્ધ છે. આનું કારણ તપાસતાં જણાય છે કે પૂજ્યશ્રી મલ્લિષેણસૂરિ, રાજશેખરસૂરિ, ન્યાયાચાર્ય યશોવિજયજી વગેરે મહાપુરુષોએ પોતાના તે તે ગ્રંથોમાં વાદમહાર્ણવનું નામ જણાવી જે જે પાઠો પ્રસંગને અનુસરીને આપ્યા છે તેની સાથે સરખાવતા તે પાઠોને મળતા જ પાઠો આ (તત્ત્વબોધવિધાયિની) ટીકામાં પણ જણાય છે. આથી સંભવ છે કે આ ટીકાનું બીજું નામ 'વાદમહાર્ણવ' હોય. શ્રી દિવાકરજી મહારાજે શ્રી ઉમાસ્વાતિ મહારાજકૃત તત્ત્વાર્થસૂત્રના 'પ્રમાણનયૈરધિગમ:' સૂત્રથી કરેલી સૂચના તરફ સંપૂર્ણ લક્ષ્ય આપીને, ન્યાયાવતારમાં પ્રમાણનું સ્વરૂપ જણાવ્યું, અને નયનું સ્વરૂપ જણાવવાનું બાકી હતું, તે અહીં જણાવવાપૂર્વક જ્ઞેયાદિનું સ્વરૂપ પણ જણાવ્યું છે. બીજી રીતે એમ પણ કહી શકાય કે નયવાદની અપેક્ષાએ સ્યાદ્વાદ દર્શનના મુખ્ય મુખ્ય વિવક્ષિત તત્ત્વોની વિચારણા કરી છે. આ ગ્રંથના ત્રણ કાંડ (ભાગ) છે. તેમાં પહેલા કાંડમાં વિસ્તારથી નયવાદની પ્રરૂપણા કરી છે. એટલે પહેલી ગાથામાં અવિચ્છિન્ન પ્રભાવશાલિ–ત્રિકાલાબાધિત શ્રી જૈનેન્દ્ર શાસનના અપૂર્વ તત્ત્વને દર્શાવવાપૂર્વક તેની સ્તવના કરી છે. અને બીજી ગાથામાં પ્રકરણ રચનાનું કારણ જણાવી, ત્રીજી ગાથામાં અભિધેય (વાચ્ય) દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય જણાવ્યા છે. ચોથી ગાથામાં દ્રવ્યાસ્તિકનયના ભેદો, પાંચમી ગાથામાં ઋજુસૂત્રનયના પ્રકારો, છઠ્ઠી ગાથામાં નામ સ્થાપના દ્રવ્ય ભાવ નિક્ષેપામાં દ્રવ્યાસ્તિકાદિ નયોની યોજના દર્શાવી છે. સાતમી ગાથામાં વચનના પ્રકારોમાં નયોને ઘટાવ્યા છે. આઠમી ગાથામાં એક નયના વિષયમાં બીજા નયનો પ્રવેશ થઇ શકે, તે બીના સ્પષ્ટ રીતે જણાવી છે. નવમી ગાથામાં પજ્જવણિસ્સામણ્ણમિત્યાદિ (સાતમી) ગાથામાં બંને નયોનો વિષય એક બીજાથી જુદો નથી જ, આ ચર્ચાની શરૂઆત કરેલી તે ચર્ચાનો અહીં ઉપસંહાર કર્યો છે. દશમી ગાથામાં વિવક્ષાથી બંને નયના જુદા જુદા વિષયોનું સ્પષ્ટીકરણ કર્યું છે. અગિયારમી ગાથામાં પદાર્થ માત્રને અંગે બંને નયની કેવી કેવી ભાવના હોય છે? તે બીના જણાવ્યા બાદ બારમી ગાથામાં સત્ સંપૂર્ણ વસ્તુનું લક્ષણ બતાવ્યું છે. તેરમી ગાથામાં દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક નયો અલગ અલગ પડતાં તે પ્રત્યેકમાં મિથ્યાદષ્ટિપણું કઇ રીતે ઘટે? આ પ્રશ્નનો ખુલાસો જણાવી ચૌદમી ગાથામાં એ બે નયોમાં અનેકાંતપણું સાબિત કર્યું છે. પંદરમી ગાથામાં મૂલ નયોની સાથે ઉત્તર નયોની સરખામણી કરી, સોળમી ગાથામાં દરેક નય મૂલ નયના વિષયોને જ અવલંબીને ચર્ચા કરે છે; માટે છૂટા છૂટા બધા નયોમાં પણ સામાન્ય વિશેષ ઉભય સ્વરૂપને જણાવનાર નય નથી, આ બીના ટૂંકામાં સ્પષ્ટ જણાવી છે. ૧૭ મી ગાથાથી ૨૧ મી ગાથા સુધીની પાંચ ગાથાઓમાં કોઇપણ એક નયના પક્ષમાં બંધ મોક્ષ વગેરેની અઘટના (ન ઘટવું) કઇ રીતે? આ બીના જણાવી છે. બાવીશમી ગાથાથી ૨૫ મી ગાથા સુધીની ચાર ગાથાઓમાં ઉપર જણાવેલા નયોમાં સમ્યગ્દર્શન વ્યવહાર કયારે થઇ શકે? તેનો ખુલાસો દષ્ટાંત આપીને સમજાવ્યો છે. ૨૬ મી ગાથામાં દષ્ટાંત–વ્યવહાર–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'આત્મસન્માન'

લે.—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

જડાસક્ત જીવોમાં ઓછાવત્તા પ્રમાણમાં મિથ્યાભિમાન અવશ્ય હોય છે, કારણ કે તેમને વૈષયિક વાસના પોષવાને માટે જડ વસ્તુઓની નિરંતર જરૂરત રહે છે. અને તેવી જો ઈચ્છા પ્રમાણે પાંચે ઇંદ્રિયોના વિષયપોષક જડાત્મક વસ્તુઓ પ્રાપ્ત થાય તો તેમનું મિથ્યાભિમાન બહાર તરી આવે છે, અને માનના નશામાં બીજાઓને તુચ્છ સમજે છે. જેમકે-ધન, બળ, ઐશ્વર્ય, રૂપ, જાતિ, વિદ્યા આદિની સંપત્તિ, અથવા તો કોઇપણ પ્રકારની કળાની વિશિષ્ટ સંપત્તિ પ્રાપ્ત થવાથી નમીને ચાલનાર નિરભિમાની ઘણા ઓછા પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે.

પુન્ય કર્મથી પ્રાપ્ત થનારી વસ્તુઓ જડ હોય છે અને તે વસ્તુઓમાં મમતા ધારણ કરી માન કરવું તે મિથ્યાભિમાન કહેવાય છે; કારણ કે આત્માથી પર જડવસ્તુ મિથ્યા હોવાથી તે સંબંધી અભિમાન પણ મિથ્યા જ કહેવાય, અને તે મિથ્યા માન મમતા સિવાય આવી શકે નહિં. બીજા માણસ પાસે લાખોની સંપત્તિ હોય કે બાગ-બંગલા હોય અથવા તો રૂપ, બળ, ઐશ્વર્ય આદિ સારામાં સારા હોય તો તેને જોઇને બીજા કોઈને પણ મમતા થતી નથી, માટે તે સંબંધી અભિમાન પણ હોતું નથી; કારણ કે તે વસ્તુઓ માટે બીજા માણસોની એવી માન્યતા હોય છે કે આમાં મારું કાંઇપણ નથી પણ પારકું છે.

---

કુશલ અને શાસ્ત્રકુશલ પુરુષોના હૃદયમાં કેવી અસર કરે છે? તે બીના જણાવી દૃષ્ટાંતની સાર્થકતા જણાવી છે. સત્યાવીશમી ગાથામાં કાર્ય-કારણવાદાદિમાં પણ જો સાપેક્ષતા ન હોય, તો મિથ્યાત્વ જ કહેવાય આ વાત ત્રણ પ્રસિદ્ધ વાદોથી સ્પષ્ટ સમજાવી છે. અઠ્યાવીશમી ગાથામાં સર્વ નયો સાચા કયા અને ખોટા કયા સમજવા? અનેકાંત શાસ્ત્રોના રહસ્યને જાણનાર પંડિત પુરુષો નયોમાં સાચા ખોટાનો વિભાગ કરે કે નહિ તે બીના જણાવી છે. ઓગણત્રીસમી ગાથામાં દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક નયની માન્યતા જુદી જુદી જણાવી છે. ભેદ અથવા વિભાગનું વિસ્તારથી વર્ણન કર્યું છે. એકત્રીશમી ગાથામાં દ્રવ્ય એક છતાં તેમાં અનેકપણું કઇ રીતે ઘટે? તે બીના જણાવી. બત્રીશમી ગાથામાં વ્યંજન પર્યાયનો દાખલો આપીને તેત્રીશમી ગાથામાં વ્યંજન પર્યાયો એકાંત અભિન્ન માનતાં શો દોષ આવે? આ પ્રશ્નનો ખુલાસો જણાવી. ચોત્રીસમી ગાથામાં ચાલુ પ્રસંગે જરૂરી વ્યંજન પર્યાયનું તથા અર્થપર્યાયનું સ્પષ્ટ રહસ્ય જણાવ્યું છે. પાંત્રીશમી ગાથામાં જણાવી દીધું છે કે-એકાંત દૃષ્ટિને ધારણ કરનાર પુરુષ અનેકાંત શાસ્ત્રના રહસ્યને સમજતો નથી. ૩૬ થી ૪૦ સુધીની પાંચ ગાથાઓમાં સપ્તભંગીનું સ્વરૂપ જણાવી, એકતાલીશમી ગાથામાં-અર્થપર્યાયાદિમાં સાતે ભાંગા ઘટાવી, બેંતાલીશમી ગાથામાં એકલા પર્યાયાર્થિક નયની દેશના અધૂરી છે પણ સંપૂર્ણ નથી એમ જણાવ્યું છે. તેંતાલીસમી ગાથામાં ભેદપ્રધાન દેશનાનું અને અભેદપ્રધાન દેશનાનું રહસ્ય જણાવી, ૪૪ થી ૪૬ સુધીની ત્રણ ગાથામાં જેમ પુરુષમાં ભેદાભેદ સંબંધ ઘટે છે તે જ પ્રમાણે જીવને અંગે સુખાદિમાં પણ સમજવું, આ વાતનું સ્પષ્ટ વિવેચન કરી ૪૭-૪૮ મી ગાથામાં જીવ અને પુદ્ગલનો વાસ્તવિક આપેક્ષિક ભેદાભેદસંબંધ દર્શાવ્યો છે.

—(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો માનવી આવી સદ્બુદ્ધિથી વિચાર કરે કે જડાત્મક વસ્તુમાત્ર પર છે, તેમાં મારું કાંઈપણ નથી; કારણ કે હું જ્ઞાન ગુણસ્વરૂપ આત્મા છું, અને પૌદ્ગલિક વસ્તુઓ અજ્ઞાન-સ્વરૂપ જડ છે, માટે જ્ઞાન–દર્શન–જીવન–સુખ આદિ વસ્તુઓ મારી છે અને રૂપ–રસાદિ ગુણોવાળી જડાત્મક વસ્તુઓ મારી નથી. આ પ્રમાણેના વિચારોથી માનવીને પુન્ય કર્મના ઉદયને લઇને ગમે તેવી સુંદર અને ગમે તેટલી જડાત્મક વસ્તુઓ પ્રાપ્ત થયેલી કેમ ન હોય તો પણ તેને મમતા થતી નથી અને મિથ્યાભિમાનનો નશો ચઢતો નથી. જેમના મનમાં દૃઢ શ્રદ્ધાપૂર્વક એવું વસી ગયું હોય કે હું અનંત જ્ઞાન–દર્શન–જીવન–સુખમય આત્મા છું માટે જ હું ઉત્તમ છું–પવિત્ર છું અને તે જ મારી સાચી સંપત્તિ છે કે જેને હું નિરંતર વાપરી રહ્યો છું, તે મારી સંપત્તિ સાચી હોવાથી ત્રણે કાળમાં વિદ્યમાન રહેવાની, એક ક્ષણ પણ મારાથી છૂટી પડી શકતી જ નથી. અને જડવસ્તુ માત્ર તુચ્છ છે, અપવિત્ર છે, માટે તે મારી નથી, મારી જ્ઞાનાદિ વસ્તુઓને બગાડનારી છે માટે મારે તેનો સ્પર્શ માત્ર પણ ન કરવો જોઇએ, તેનાથી સુખ તથા આનંદ મળી શકતાં જ નથી પણ મારા સાચાં સુખ તથા આનંદને બગાડીને દુઃખ તથા શોક જે પ્રાપ્ત કરાવે છે તેથી મારે જડ વસ્તુના પડછાયાથી પણ અપવિત્ર ન થવું જોઇએ. આવા પ્રકારના આત્માભિમાનીમાં મમતા હોતી નથી પણ સમતા હોય છે, જેને લઇને તે મિથ્યાભિમાન કહેવાય નહિ પણ આત્મસન્માન કહેવાય છે; કારણ કે જડાત્મક પરવસ્તુને પોતાની માનવી તે મમતા અને તેથી થવાવાળું માન તે મિથ્યાભિમાન અને જ્ઞાનાત્મક પોતાની જ વસ્તુને અપનાવવી તે સમતા અને તેથી પોતાની જ વસ્તુનું બહુ-માન આત્મસન્માન કહેવાય છે. મિથ્યાભિમાની ક્રોધ–માન–માયા–લોભરૂપ કષાયો તથા પાંચે ઇંદ્રિયોના વિષયોથી લેપાયલા હોય છે, કારણ કે જડાસક્તમાં રાગ–દ્વેષ બળવત્તર હોય છે અને આત્મસન્માન કરનાર આત્માનંદી કષાય વિષ-યથી મુક્ત હોય છે. તેમનામાં આત્મસન્માનના પ્રમાણમાં રાગ–દ્વેષ મંદ–મંદતર–મંદતમ હોય છે, અને સંપૂર્ણપણે આત્મસન્માન કરનાર વીતરાગમાં સર્વથા હોતા જ નથી. જેઓ આત્માને જાણે છે પણ ઓળખતા નથી તેઓ આત્માની કદર કરી શકતા નથી, તેથી તેમ-નામાં આત્મસન્માનની ઘણી જ અરુચિ રહે છે, કારણ કે અનાત્મજ્ઞ–અજ્ઞાની માનવીને બીજાનું અને તેમાં પણ અજ્ઞાની જનતાનું આપેલું માન બહુ જ ગમે છે પણ પોતાના આત્માનું આપેલું ગમતું નથી અને એટલા માટે જ બીજાની પાસેથી માન મેળવવાની ઇચ્છાથી જ બીજાને મનગમતાં વાણી, વિચાર તથા વર્તન બનાવવા પ્રયાસ કરે છે. જડાસક્ત જીવોનું આકર્ષણ કરી તેમની પ્રશંસા મેળવવા અવળા કૃત્યોથી આત્માનું અપમાન કરીને પણ પૌદ્ગ-લિક સુખના સાધનોનો સંગ્રહ કરે છે અને જનતાને પોતાની સંપત્તિ બતાવી તેમના વખા-ણથી પોતાને કૃતકૃત્ય સમજે છે અને મિથ્યા-ભિમાનથી ફૂલાઈને ઘણો જ સંતોષ માને છે. આવા જીવો માન મેળવવાની ચાહનાથી બીજાનો આદરસત્કાર કરે છે, નમ્રતા બતાવે છે અને તેને જે ગુણો અથવા વસ્તુ પસંદ હોય તે પોતાની પાસે ન હોય તો પણ તેને બતાવવાનો મિથ્યા ડોળ કરે છે કે જેના માટે પોતે ઘણા જ ઉત્સાહથી અસત્ય તથા દંભનો અત્યંત આદર કરે છે.

મિથ્યાભિમાનીને ઘણી જ પરાધીનતા ભોગ-વવી પડે છે. એક તો જડાસક્ત હોવાથી જડ-વસ્તુની પરાધીનતા અને બીજી પાંચે ઇંદ્રિયોના વિષયો પોષવાને માટે અજ્ઞાની જનતાની પરા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધીનતા. આમ બંને પ્રકારની પરાધીનતા ભોગવવા છતાં પણ ધાર્યા પ્રમાણે સફળતા ભાગ્યે જ મળે છે; કારણ કે આધિ, વ્યાધિ તથા મિથ્યા ગર્વથી અપમાનિત કરાયલા માનવી વિગેરે પુદ્ગલાનંદીના વિરોધી ઘણા હોય છે અને તે તેની કાર્ય સફળતામાં આડા આવીને વિઘ્ન ઉપસ્થિત કરે છે, જેથી તેના ચિત્તમાં અત્યંત કલેશ-ઉદ્વેગ-સંતાપ અને ચિંતા નિરંતર રહ્યા કરે છે, તો પણ બીજાથી કરવામાં આવતી પ્રશંસા સાંભળીને તે સુખશાંતિ અનુભવે છે.

આત્માનું અપમાન કર્યા સિવાય અજ્ઞાની જનતાનું માન મેળવી શકાય નહિં, કારણ કે જડાસક્ત જીવો અનાદિકાળથી અનેક દેહોમાં જડનો જ પરિચય કરતા આવ્યા છે એટલે જડને સારી રીતે ઓળખે છે, માટે સુખ-શાંતિ તથા આનંદ વિગેરે જડાત્મક વસ્તુઓથી જ પ્રાપ્ત થાય છે એવી દૃઢ શ્રદ્ધાવાળા હોવાથી પોતે વૈષયિક સુખોમાં મગ્ન રહે છે અને સારામાં સારા વૈષયિક સુખનાં સાધન મેળવીને આનંદ માને છે, તેથી તેઓ પોતે માનેલી સુખ-શાંતિ તથા આનંદ ભોગવનાર જે કોઇ વ્યક્તિ હોય તેને વખાણે છે; માટે જ પુદ્ગલાનંદી જીવો એક બીજાથી ચઢિયાતાં જડાત્મક સુખનાં સાધન મેળવવા અસત્ય, દંભ તથા અનીતિનો આદર કરે છે અને ચોવીસે કલાક વિષયોમાં આસક્ત રહીને એક બીજાની પ્રશંસાથી મિથ્યાભિમાનમાં મત્ત રહે છે. વૈષયિક સુખ માટે કરવામાં આવતી પ્રવૃત્તિ માત્રથી અજ્ઞાની જનતા તરફથી ભલે સન્માન મળે પણ આત્માનું તો અપમાન જ થાય છે; કારણ કે જે પ્રવૃત્તિથી આત્માની અધોગતિ થાય અને પરિણામે આત્માને અનેક પ્રકારની યાતના ભોગવવી પડે તેવી પ્રવૃત્તિ માત્ર આત્માનું અપમાન કરવાવાળી જ કહી શકાય.

દુનિયામાં પુદ્ગલાનંદી વિષયાસક્ત જીવો બીજાની પાસેથી ભિન્ન-ભિન્ન પ્રકારના સન્માનની રુચિવાળા હોય છે, કારણ કે સંસારમાં સજ્જન-ડાહ્યા-જ્ઞાની-તત્વજ્ઞ-દુર્જન-મૂર્ખ-અજ્ઞાની આદિ અનેક સ્વભાવના જીવો હોવાથી જેવી પ્રકૃતિવાળા પાસેથી જેવા પ્રકારનું માન મેળવવું હોય તેવા જ પ્રકારનું વર્તન, વાણી તથા વિચાર જણાવવા મિથ્યાભિમાની ખાસ લક્ષ્ય રાખે છે જેમકે-તત્વજ્ઞ-જ્ઞાની-વિદ્વાન-ત્યાગી-ભોગી-ગુણી આદિ કહેવડાવવા માટે જનતાને પોતાનો પરિચય આપે છે; પોતાની પાસે તે વસ્તુ હોય તો વાતવાતમાં પોતાના વખાણ કરે છે; અથવા તો તેવા પ્રકારની કોઇ પ્રવૃત્તિ આદરે છે કે જેને જોઇને જનતા, તત્વજ્ઞ, વિદ્વાન આદિ શબ્દોદ્વારા પ્રશંસા કરે છે તેથી તે મિથ્યાભિમાનથી ફૂલાઇને બીજાને તુચ્છ સમજે છે અને અજ્ઞાન જનતા પાસેથી મેળવેલી પ્રશંસાની સહાયથી ભોળી જનતાને ભોળવી પોતાની ક્ષુદ્ર વાસના પોષે છે. જો મિથ્યાભિમાની પાસે જ્ઞાન, તત્વ, વિદ્વત્તા કે ત્યાગ જેવું કશુંય ન હોય તો પણ તે વસ્તુઓનો મિથ્યાડંબર કરીને પણ જનતાને ઠગીને વૈષયિક સુખનાં સાધનો મેળવે છે અને મિથ્યાભિમાનમાં મસ્ત રહે છે.

પોતે મેળવેલી મોટાઇ તથા પ્રશંસા જાળવવાને અથવા તો મેળવવાને કેટલાક જીવો અવળાં કૃત્ય કરતા નથી અને તેથી સ્થૂળ દૃષ્ટિથી જોતાં આત્માનું અપમાન થતું નથી તો પણ જડાસક્તિને લઇને આત્મશ્રેયની ભાવનાથી નહિં પણ મિથ્યાભિમાન પોષવાનો અને પૌદ્ગલિક સુખ મેળવવાનો અધ્યવસાય હોવાથી સાચી રીતે આત્મસન્માન કહી શકાય નહિં; કારણ કે જે સાચી રીતે આત્મસન્માન કરે છે તેને જનતાના સન્માનની જરાય આકાંક્ષા હોતી નથી. જનતાના સન્માનની આકાંક્ષા અને આત્મસન્માન બંનેની દિશાઓ જુદી છે. જડાસક્ત જનતાના વાણી, વિચાર તથા વર્તનનું સન્માન કર્યા સિવાય તે સન્માનની દૃષ્ટિથી જોતી નથી અને આવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જનતાનું સન્માન કરનાર આત્માના અશ્રેયનો આશ્રિત બનીને તેનું અપમાન અવશ્ય કરે જ છે, કારણ કે કાન તથા જીભ આદિ ઇંદ્રિયોના વિષય પોષવાના સાધન મેળવવાને માટે જ જનતાના સન્માનની ઇચ્છા ઉદ્ભવે છે અને તેથી તે આત્માની અવગણના કરીને દેહ તથા તેના કૃત્રિમ નામને ઘણી જ મહત્વતા આપે છે જેથી આત્માનું અપમાન થયા વગર રહેતું નથી. આત્માના સન્મુખ થયા સિવાય આત્મસન્માન થઇ શકતું જ નથી, માટે જ જનતાના સન્માનની ચાહનાવાળા વિષયાસક્ત-પુદ્ગલાનંદી જીવો નિરંતર આત્માથી વિમુખ જ રહેવાવાળા-આત્માને પીઠ કરીને જ પ્રવૃત્તિ કરવાવાળા-હોય છે તેથી અને દેહાધ્યાસ(શરીર તે જ હું છું એવી માન્યતા)ને લઇને પૌદ્ગલિક સુખને જ પ્રધાનતા આપેલી હોવાથી આત્મસન્માન કરી શકતા નથી. આવા જીવો અજ્ઞાની જનતાના સન્માનથી સન્માનિત થઇ શકતા જ નથી; કારણ કે તેઓ પોતાના જ આત્માથી તિરસ્કૃત થયેલા હોય છે. અવળાં કૃત્યોથી અપમાન પામેલો પોતાનો આત્મા જ જેમનો તિરસ્કાર કરતો હોય તેમની કોઇ પુષ્પોથી પૂજા કરે કે ચરણરજ માથે ચઢાવે તેથી તેમનું અપમાન જ થાય છે પણ સન્માન થઈ શકતું નથી; કારણ કે જ્યારે અજ્ઞાન જનતામાં તેમનાં દુષ્કૃત્યો ઉઘાડાં પડી જાય છે ત્યારે તેમનું સન્માન કરનાર જનતા જ તિરસ્કાર કરે છે. સન્માન અપમાનના રૂપમાં પરિણમે છે તે સાચી રીતે સન્માન કહેવાય જ નહિં, છતાં જો તેઓ ગર્વથી ફૂલાતા હોય તો તેમની ગાઢતમ અજ્ઞાનતા જ કહી શકાય.

આત્મ સન્મુખ રહીને વિકાસની દિશામાં વિચરનાર મહાપુરુષો તાત્વિક દૃષ્ટિથી આત્મસન્માન કરનાર હોવાથી તેમને જનતાના માન-અપમાનથી હર્ષ શોક થતો નથી; કારણ કે તેઓ તત્વજ્ઞ હોવાથી આત્મસન્માનને પરમાત્મસન્માન જેટલી મહત્વતા આપે છે. અર્થાત્ તેઓ સમ્યગ્જ્ઞાનને લઇને સાચું-જૂઠું સાચી રીતે સમજતા હોવાથી સાચી રીતે જાણે છે કે પોતાની જ વસ્તુ પોતાને કામ આવે છે અને તેનાથી જ સાચાં સુખ-શાંતિ તથા આનંદ આદિનો લાભ મળી શકે છે, પણ પારકી વસ્તુથી કાંઇ પણ મળી શકતું જ નથી, અને જે મળે છે તે ક્ષણિક છે માટે જ તે મિથ્યા હોય છે. માન અપાતું લેવાતું નથી પણ પોતાના જ સદ્ભૂત ગુણોનું પ્રગટ થવું તેને જ જ્ઞાની પુરુષો માન મેળવવું કહે છે. તે સિવાય તો જે અપાય છે, લેવાય છે તે સાચી વસ્તુ હોતી નથી પણ સાચી વસ્તુનો ઉપચાર માત્ર કરવામાં આવે છે. જો એટલા માત્રથી જ સદ્ભૂત ગુણોને પ્રગટ કર્યા વગર પણ ગાઢતમ મિથ્યાત્વથી પોતાને તે માનને યોગ્ય માની લેવામાં આવે તો મિથ્યાભિમાન બળવત્તર બનવાથી આત્માનું અપમાન જ થાય છે, અને તેથી કરીને તે બીજાના સન્માનથી સન્માનિત થઈ શકતો જ નથી.

વિષયાસક્તિથી સદ્ભૂત ગુણો દબાયલા-અપ્રગટ હોવા છતાં અને ક્ષુદ્ર વાસનાઓથી વાસિત હોવા છતાં પણ જેઓ સોનાને પીત્તળ અને પીત્તળને સોનું સમજનાર મિથ્યાજ્ઞાન-વાસિત અણજાણ જીવોથી અપાયેલા માનને સન્માન માને છે તેમનામાં તાત્વિક બુદ્ધિમત્તા દૂર રહો પણ દુનિયામાં નૈતિક જીવનમાં જીવનાર ડાહ્યા માણસો જેટલું પણ ડહાપણ હોતું નથી. તેઓ ભલે પછી ગમે તેટલી વિદ્વત્તાનો ગર્વ કેમ ન રાખતા હોય તો પણ તે ગાઢતમ અજ્ઞાનતાના અંધારામાં આથડનાર જ કહી શકાય. કોલસાનો ધંધો કરનાર કે જેનાં કપડાં તથા મોં આદિ આખુંય શરીર કાળું થઈ ગયું હોય અને તેને કોઇ હબશી મળી જાય અને તેની સુંદરતાના વખાણ કરી રૂપાળાપણાનું માન આપી ખૂબ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અનુભાગાદિથી થતી આત્મા પર અસર

પ્રયોજક—મુનિ મહારાજ શ્રી પુણ્યવિજયજી. (સંવિજ્ઞપાક્ષિક)

આત્મા પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અનુભાગાદિ અનેક કારણોની અસર થાય છે, જેને લઇ અધ્યવસાયની ભિન્નતા થાય છે. કર્મનો એક સ્થિતિબંધ થવામાં અસંખ્ય અધ્યવસાયના સ્થાનો હોય છે; તે દરેક અધ્યવસાયે કોઇપણ જીવ તે સમયે તે જ સ્થિતિ બાંધી શકે છે. એ રીતે ઘણા જીવોએ એક સરખી સ્થિતિ બાંધવા છતાં તે સઘળા જીવો એક જ ક્ષેત્રમાં, એક જ કાળમાં એક જ પ્રકારના સરખા સંયોગોમાં અનુભવતાં નથી, પરંતુ ભિન્ન ક્ષેત્ર-કાળાદિ અને ભિન્નભિન્ન સંયોગોમાં અનુભવે છે. આનું કારણ ભિન્ન ભિન્ન ક્ષેત્ર, કાળ અને અનુભાગાદિવડે (રસવડે) થયેલી અધ્યવસાયની વિચિત્રતા છે. એ રીતે ભિન્ન ક્ષેત્ર, કાળ આદિ અસંખ્ય કારણો ભિન્ન ભિન્ન અધ્યવસાયો થવામાં કારણ છે. ક્ષેત્રાદિ તથા મોહનીયના સ્થાનકો અસંખ્ય હોવાથી અધ્યવસાયો પણ અસંખ્ય હોય છે.

આ અસંખ્ય અધ્યવસાયોવડે એક સરખી જ સ્થિતિ બંધાયા છતાં એક સરખા સંયોગોમાં અનુભવાતી નથી. કોઇપણ એક સ્થિતિબંધનું એક અધ્યવસાયરૂપ એક જ કારણ હોય તો તે

---

પ્રશંસા કરે કે તે સાંભળીને તે ગર્વથી ફૂલાય તેને જો બુદ્ધિમત્તા તથા ડહાપણ કહેવામાં આવતું હોય તો જ સદ્ભૂત ગુણ વગરનાને વખાણનાર તથા વખાણ સાંભળીને ગર્વ કરનારને ડાહ્યા અને બુદ્ધિશાળી કહી શકાય.

યદ્યપિ અસત્ય–અનીતિ–માયા-દંભ–કષાય–આદિ મોહગર્ભિત પ્રવૃત્તિ માત્રથી આત્માનું અપમાન જ થાય છે; કારણ કે જ્યાં સુધી જીવની બહિરાત્મદશા હોય છે ત્યાં સુધી તે તાત્ત્વિક દૃષ્ટિથી સાચી રીતે આત્માનું સન્માન કરી શકતા જ નથી, તોયે જેઓ દુરાચાર–અસત્ય–દંભ–માયા આદિથી મુક્ત હોય છે તેઓ અવગુણોના આશ્રિત ન હોવાથી સ્થૂળ દૃષ્ટિથી આત્માનું સન્માન કરે છે અર્થાત્ દુનિયાના સજ્જન–નીતિમાન પુરુષોની દૃષ્ટિમાં જે દુર્ગુણો તરીકે ઓળખાય છે તેનાથી મુક્ત આત્મ–સન્માન જાળવે છે. આવા પુરુષોને બીજા સન્માન આપે કે ન આપે તો પણ આત્માથી સન્માનિત છે માટે તેને બીજાના સન્માનની જરૂરત રહેતી નથી. છતાં ડાહ્યા–સદાચારી સજ્જન માણસો તો આદર કરે છે તેથી તેઓ ગર્વથી મુંઝાતા નથી. ગુણવાન પુરુષોનો આત્મા બળવાન–સત્વશાળી હોય છે તેથી તેમને અપકીર્તિનો ભય કે આશંકા હોતી નથી અને જનતામાં તેમનો સાચો પ્રભાવ પડે છે; કારણ કે તે પોતે જેવા છે તેવા જ દેખાય છે માટે તેમને ખોટો ડોળ કરીને દુનિયાને ઠગવા અસત્ય તથા દંભનો આશ્રય લેવો પડતો નથી. તેથી તેઓ પ્રમાણિકપણે સ્વપરને હિતકારી જીવનમાં જીવીને માનવ-જીવનને સફળ બનાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિતિને એક જીવ જે સામગ્રી પામી અનુભવે તે જ સામગ્રી પામી તે સ્થિતિને બાંધનાર સઘળા જીવોએ અનુભવવી જોઇએ, પરંતુ તેમ થતું નથી. કર્મની એક સ્થિતિ બાંધનાર અનેક જીવોમાંથી એક જીવ જે સ્થિતિને અમુક ક્ષેત્ર કે અમુક કાળમાં અનુભવે, બીજો જીવ તે જ સ્થિતિને બીજા ક્ષેત્ર કે બીજા કાળમાં અનુભવે છે. આ કારણથી એક જ સ્થિતિબંધ થવામાં અનેક અધ્યવસાયોરૂપ અનેક કારણો છે; તે અનેક કારણોવડે સ્થિતિબંધ એક જીવને એક સમયે એક સરખો જ થાય છે; માત્ર તેમાં ભિન્ન ભિન્ન સંયોગોમાં અનુભવવારૂપ તેમજ અનેક કારણોવડે ફેરફાર થવારૂપ વિચિત્રતા રહેલી છે. તાત્પર્ય એ કે-ઘણા જીવોએ સમાન સ્થિતિવાળું કર્મ બાંધ્યું હોય તેમાં પણ પરિણામની તરતમતાથી અનુભવકાળ જુદો જુદો દેખાય છે, અને તે પરિણામની તરતમતા દ્રવ્યાદિ પાંચ કારણની અપેક્ષા રાખે છે. વિશેષ સમજ ખાતર ફરી વિચારીએ કે-એક એક સ્થિતિ સ્થાનકના બંધમાં હેતુભૂત નાના જીવોની અપેક્ષાએ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ-પ્રમાણ કષાયોદયના સ્થાનો હોય છે; એટલે કે-સ્થિતિ સરખી જ બાંધે છે, છતાં કષાયોદયો ભિન્ન ભિન્ન હોય છે અને ભિન્ન કષાયોદયરૂપ કારણોવડે એક જ સ્થિતિ સ્થાનના બંધરૂપ કાર્ય થાય છે. કારણો અનેક છતાં સામાન્યત: એક સ્થિતિ સ્થાનના બંધરૂપ કાર્ય જો કે એક જ થાય છે, છતાં જે સ્થિતિ સ્થાન બંધાય છે તે એક સરખી જ રીતે ભોગવાય-અનુભવાય તેવું બંધાતું નથી, પરંતુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવાદિ અનેક જાતની વિચિત્રતાયુક્ત બંધાય છે. ભિન્ન ભિન્ન દ્રવ્યોરૂપ નિમિત્તવડે ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં, ભિન્ન ભિન્ન કાળમાં અને જુદા જુદા ભવોમાં જે એક જ સ્થિતિસ્થાન અનુભવાય છે, તે જો તેના બંધમાં અનેક કષાયોદયરૂપ કારણો ન હોય તો ન અનુભવાય. બંધમાં એક જ કારણ હોય તો બાંધનારા સર્વે એક સરખી જ રીતે અનુભવે, પરંતુ તેમ નથી, એક જ સ્થિતિ-સ્થાન જુદા જુદા જીવો દ્રવ્યાદિ ભિન્ન ભિન્ન સામગ્રી પામીને જે અનુભવે છે, તે જુદા જુદા કષાયોદયરૂપ ભિન્ન ભિન્ન કારણોને જ આભારી છે અને તે કષાયોદયરૂપ પરિણામની તરતમતા દ્રવ્યાદિ પાંચ કારણોની અપેક્ષા રાખે છે.

આ ઉપરથી એમ બરોબર કહી શકાય કે જીવને દ્રવ્ય, ક્ષેત્ર, કાળાદિને અનુસરી જેવા જેવા પ્રકારના સંયોગ-સામગ્રી-નિમિત્ત પ્રાપ્ત હોય, તેવા તેવા પ્રકારે આત્મા અધ્યવસાયને પામી દ્રવ્યાદિ સામગ્રી અનુસાર તીવ્ર કે મંદ રસવડે સ્થિતિબંધ અનુભવે છે. કાર્ય તેમજ કારણ બન્નેય દ્રવ્યાદિની અપેક્ષા રાખે છે, કારણ કે કર્મનો ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ આ પાંચની અપેક્ષાએ છે. સુખ દુ:ખના કારણભૂત પુન્ય પાપાત્મક કર્મ પણ દ્રવ્ય ક્ષેત્રાદિની અપેક્ષાએ જ ઉદય અથવા ક્ષય પામે છે. સંસારના સર્વ કાર્યોમાં અનુભાગ-રસરૂપ કષાય એક કે બીજી રીતે જોડાયેલા જ રહે છે. રાગદ્વેષ વગર સંસારના કાર્યો બનતા નથી અને તેથી ગુપ્તપણે કે ઉઘાડી રીતે કષાય થઇ જાય છે. આ જ બાબત ત્યાગી જીવનમાં પણ લાગુ પડી શકે.

અત્ર કષાય શબ્દની વ્યાખ્યા બન્નેય (સ્થૂલ અને સૂક્ષ્મ) રીતે સમજવાની છે. સૂક્ષ્મની ગણત્રી સંજ્વલન કષાયમાં અને તેથી પૂર્વ પૂર્વમાં અનુક્રમે સ્થૂલ, સ્થૂલતર અને સ્થૂલતમ માની શકાય. સૂક્ષ્મ દૃષ્ટિએ-તાત્ત્વિક દૃષ્ટિએ વિચારવામાં આવે તો જીવને ક્ષણે ક્ષણે કષાય જાગૃત જ છે. આત્મા પોતાના કર્માનુસાર દ્રવ્ય, ક્ષેત્ર, કાલાદિ સામગ્રીને પામવા છતાં તે તે દ્રવ્ય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સીમન્ધરસ્વામીને વિનતિ.

(પૂજ્ય યશોવિજયજી મહારાજનું ૧૨૫ ગાથાનું સ્તવન—વિશદ વિવેચન સહિત)

લેખક—મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી

**અવતરણ**

ધર્મમાર્ગમાં—આત્મહિતસાધનમાં ' ગુરુ ' એ મહત્ત્વનું સ્થાન ભોગવે છે. ગુરુતત્ત્વ જેટલું શુદ્ધ અને વિશિષ્ટ તેટલો જ ધર્મપન્થ વિશિષ્ટ અને શુદ્ધ ચાલે છે. અવનતકાળે વખતે વખતે કેટલાએક નામધારી—વેષધારી ગુરુઓમાં અશુદ્ધિ—શિથિલતા—દંભ—સ્વાર્થ—આડંબર આદિ અવગુણો ઘર કરતા જાય છે. તેવા કુગુરુઓ પથ્થરની નૌકા જેમ પોતે ડૂબે છે ને તેના અવલંબન લેનારાઓને ડૂબાડે છે. બહારનું આકર્ષણ ખૂબ હોવાથી ભોળા ભદ્રિક આત્માઓ શીઘ્ર તે નાવમાં બેસી જાય છે. ગ્રન્થકાર મહારાજશ્રીના સમયમાં તેવા કુગુરુઓનું પ્રમાણ વધી ગયું હતું. તેઓની અશુદ્ધિઓ દૂર કરવા માટે—તેવાઓની માયાજાળમાં અણસમજુ માણસો ફસાઈ ન પડે તે માટે પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ તીવ્ર—સચોટ પ્રકાશ પાડે છે.

ચાલુ કાળમાં પણ તે જ ગુરુતત્ત્વમાં અશુદ્ધિઓ જુદા રૂપે—નવા લેબાશમાં પ્રવેશી છે. તેને માટે પણ ઉપાધ્યાયજી મહારાજશ્રીના વચનો કારગત નીવડે તેવા છે.

આ પ્રથમ ઢાળમાં ' કુગુરુકપટપ્રકટન ' અધિકાર છે. હૃદય વલોવીને આ વચનો લખાયા છે. એક એક શબ્દ ટંકશાલી છે. પ્રભુ શ્રી સીમન્ધરસ્વામીને વિનતિરૂપે સર્વ કહેવાયું છે.

**ઢાળ—૧—લી.**

(એક દિન દાસી દોડતી—એ દેશી,)

**સ્વામી સીમન્ધરા વિનતિ,**
**સાંભલો માહરી દેવ રે;**

---

ક્ષેત્રાદિને અમુક અંશે સ્વાત્માનુકૂળ કરવો કે પ્રતિકૂળ કરવો તે પોતાના હાથમાં છે. વિચારક આત્મા ધારે તો તેને (દ્રવ્ય ક્ષેત્રાદિ સામગ્રીને) સ્વાત્માનું હિત થાય તેવો કરી શકે છે અને એ કારણે પોતાનો જે રીતે આત્મવિકાસ થાય, આત્મસ્થિરતા થાય; તથાપ્રકારનો માર્ગ શોધવા લલચાય એ સહજ છે કે જેથી આત્મવિકાસનું જે મુખ્ય કારણ અધ્યવસાયની શુદ્ધતા રહેવાનો હેતુ બન્યો રહે; અને તેથી કર્મનો અનુભાગ—રસ થવામાં ચીકાશ ન થાય. ધ્યાનમાં રાખવું કે સ્થિતિબંધ એક સરખી જ રીતે ભોગવાય તેવો થાય છતાં રસબંધ એક સરખી જ રીતે ભોગવાય તેવો થતો નથી. લેશ્યાના ભિન્ન ભિન્ન પરિણામરૂપ નિમિત્તવડે જુદી જુદી રીતે ભોગવાય તેવો પણ રસબંધ થાય તેથી સ્થિતિ એક સરખી બાંધવા છતાં રસ ઓછોવત્તો બંધાય છે. અને તે દ્રવ્ય, ક્ષેત્રાદિ સામગ્રી પ્રમાણે અનુભવાય છે. સ્થિતિ પણ રસાધીન હોવાથી રસના નાશથી સ્થિતિનો નાશ અવશ્ય થાય છે. કર્મબંધના કારણભૂત અધ્યવસાય સ્થાનકો દ્રવ્યાદિ પાંચમાના કોઇ પણ કારણથી ઉત્પન્ન થતાં ક્ષયોપશમની માફક વિચિત્ર હોવાથી સ્થિતિ રસનો ઉપક્રમ (ઘટાડો) કરી શકે છે, અને તેમ થતાં આત્મા ઉચ્ચ સ્થિતિને પામવા લાયક બની શકે છે.

(પંચસંગ્રહની સંકલના)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તાહરી આણ હું શિર ધરું,**
**આદરું તાહરી સેવ રે. સ્વામી૦ ૧**

(વાકયાર્થ) હે સીમન્ધરસ્વામી ! જિનદેવ ! આપ મારી વિનતિ સાંભળો, આપની આજ્ઞા હું મસ્તકે ધારણ કરું છું. આપની સેવા આચરું છું-કરું છું. આપ મારી વિનતિ સાંભળો.

**કુગુરુની વાસના પાશમાં,**
**હરિણ પરે જે પડ્યા લોક રે;**
**તેહને શરણ તુજ વિણ નહિ,**
**ટળવળે બાપડા ફોક રે. સ્વામી૦ ૨**

દુષ્ટ ગુરુઓની વાસના-મલિન ભાવના-જૂઠી વિચારણાની જાળમાં મૃગના માફક જે જીવો ફસાયા છે તેઓને હે સ્વામી ! આપના સિવાય બીજું કોઇ શરણ નથી. બિચારા તે જીવો ફોગટ ટળવળે છે.

**જ્ઞાન દર્શન ચરણ ગુણ વિના,**
**જે કરાવે કુલાચાર રે;**
**લૂંટચા તેણે જન દેખતાં,**
**કિંહા કરે લોક પોકાર રે? સ્વામી૦ ૩**

જ્ઞાન, દર્શન અને ચારિત્રના ગુણો કેળવ્યા વગર જેઓ કુલાચાર વિધિવિધાન કરાવે છે તેઓએ જનતાને દેખતા છતાં-જાગતા લૂંટી છે. લોકો કોની પાસે આ પોકાર કરે ?

**જેહ નવિ ભવ તર્યા નિરગુણી,**
**તારશે કેણી પરે તેહ રે ?**
**એમ અજાણ્યા પડે ફંદમાં,**
**પાપ બંધે રહ્યા જેહ રે. સ્વામી૦ ૪**

જે ગુણહીન હલકા ગુરુઓ પોતે જ સંસાર-સમુદ્રને તર્યા નથી તેઓ બીજાને કઇ રીતે તારશે ?' એ વાત નહિં જાણનારા-અજાણ્યા આત્માઓ જેઓ પાપમાં રચ્યાપચ્યા રહ્યા છે તેઓના ફંદમાં-ફાંસામાં સપડાઇ જાય છે.

**કામકુંભાદિક અધિકનું,**
**ધર્મનું કો નવિ મૂલ રે;**
**દોકડે કુગુરુ તે દાખવે,**
**શું થયું એ જગ શૂલ રે. સ્વામી૦ ૫**

કામઘટ-કામધેનુ-કલ્પવૃક્ષ-ચિન્તામણિ વગેરેથી પણ વિશેષ ધર્મ છે. તેનું મૂલ્ય થઇ શકે તેમ જ નથી. ધર્મ અમૂલ્ય છે. કુગુરુઓ તે ધર્મની કિંમત દોકડાની દેખાડે છે. દોકડા માટે-પૈસા માટે ધર્મને વેચે છે. આ તે કેવું જગતમાં શૂલ જાગ્યું છે !

**અર્થની દેશના જે દીએ,**
**ઓળવે ધર્મના ગ્રન્થ રે;**
**પરમ પદનો પ્રગટ ચોર એ,**
**તેહથી કેમ વહે પન્થ રે ? સ્વામી૦ ૬**

જેઓ ધર્મનો-ત્યાગ વૈરાગ્યનો ઉપદેશ આપતા નથી ને અર્થની દેશના દે છે, ધર્મશાસ્ત્રોના અર્થ ઊંધા કરે છે, તેઓ મુક્તિમાર્ગના પ્રસિદ્ધ ચોર છે. તેવાઓથી માર્ગ કઇ રીતે ચાલે ?

**વિષય રસમાં ગૃહી માચીયા,**
**નાચિયા કુગુરુ મદ પૂર રે;**
**ધુમધામે ધમાધમ ચલી,**
**જ્ઞાન મારગ રહ્યોં દૂર રે. સ્વામી૦ ૭**

ગૃહસ્થો વિષયવિલાસમાં મસ્ત બન્યા છે ને કુગુરુઓ મદભર્યા નાચે કૂદે છે. જ્ઞાનમાર્ગ દૂર રહ્યો છે ને બન્ને મળી નાચગાન કરી કરાવી રંગરાગમાં દોડધામ-ધમાલ ચલાવે છે.

**કલહકારી કદાગ્રહભર્યા,**
**થાપતા આપણા બોલ રે;**
**જિનવચન અન્યથા દાખવે,**
**આજ તો વાજતે ઢોલ રે. સ્વામી૦ ૮**

દુરાગ્રહભરેલા જક્કી-કજીયો કરવામાં પાવરધા પોતાના વચનો થાપે છે. જિનેશ્વર પ્રભુના આગમોને ઊંધા કરી બતાવે છે. આજે તો આ બધું ખુલ્લંખુલ્લા વાગતે નગારે થઇ રહ્યું છે.

**કેઇ નિજ દોષને ગોપવા,**
**રોપવા કેઇ મતકંદ રે;**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ધર્મની દેશના પાલટે,**
**સત્ય ભાષે નહિં મંદ રે. સ્વામી૦ ૯**

કેટલાએક પોતાના દૂષણને છૂપાવવા માટે, કેટલાએક પોતાના મતના મૂળ રોપવા માટે ધર્મની દેશના ફેરવી નાખે છે. મન્દમતિઓ સત્ય બોલતા નથી.

**બહુ મુખે બોલ એમ સાંભળી,**
**નવિ ધરે લોક વિશ્વાસ રે;**
**ઢૂંઢતા ધર્મને તે થયા,**
**ભ્રમર જેમ કમલની વાસ રે. સ્વા૦ ૧૦**

ઉપર પ્રમાણેના વચનો અનેકને મોઢે સાંભળીને લોકો કોઇની ઉપર વિશ્વાસ ધારણ કરતા નથી. કમળની સુગંધને શોધતો ભ્રમર જેમ ભ્રમણ કરે છે તેમ તેઓ ધર્મને માટે પરિભ્રમણ કરે છે.

* * *

## વિશદ-સમૂહ-વિવેચન

પ્રભો સીમન્ધર ! આપ વર્તમાન કાળે મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કરાવતી વિજયમાં વિચરો છો. આપ અમારા નાથ છો, સ્વામી છો, અધીશ્વર છો. આપને અમે એક વિનતિ કરીએ છીએ. કૃપા કરી અમારી આ વિનતિ સાંભળજો, આ અરજીને અવધારજો, આ વિજ્ઞપ્તિ ઉપર ધ્યાન આપજો, ઉપેક્ષા કરી ઓળવશો નહિં

પ્રભો ! આપની આજ્ઞા મેં માથે ચડાવી છે. આપના ફરમાન મુજબ હું ચાલું છું. આપના શાસન અનુસાર મારું વર્તન છે. દૂર છતાં પણ મન-વચનથી આપની સેવા-ભક્તિ કરું છું. કાયાથી આપની પ્રતિકૃતિને પૂજું છું. આપનો હું ભક્ત છું. આપને કહેવાનો મને અધિકાર છે. મોક્ષે ગયેલા-વિમુક્ત થયેલા સિદ્ધ ભગવંતોને મારા હૃદયના બળાપા-અન્તરના ઉભરા સંભળાવું, પણ તેથી મારું શું વળે ? કૃતકૃત્ય તેઓ કાંઇ કરે નહિં. આપને કહેવાથી તેનો કાંઇક ઇલાજ થાય, કોઇ રસ્તો નીકળે. અહિંની સ્થિતિ-પરિસ્થિતિ અતિશય ગંભીર છે. બહુ જ બગડેલી છે. તે સુધારવા આપ એક જ સમર્થ છો.

અહિં કેટલાએક કુગુરુઓ પોતાની મિથ્યા વિચારણા-અસત્ વાસનાની જાળ પાથરીને તેમાં ભોળા-ભદ્રિક આત્માઓને, મૂર્ખ-મૃગોને ફસાવે છે. તેઓના પાશલામાં ઝડપાઇ ગયેલા તે બિચારા ટળવળે છે, છૂટવા ફોગટ ફાંફાં મારે છે. પ્રભો ! આપના સિવાય તેઓને બીજો કોઇ આશરો નથી-અન્ય કોઈ શરણ નથી.

તે કપટી કુગુરુઓ લુચ્ચા, લંપટી ને દંભી છે. તેઓ ભોળા માણસોને ભરમાવી ' આ તો તમારા કુલનો આચાર છે, આ તો તમારે કરવું જ જોઇએ. આમ નહિં કરો તો તમારા ઉપર કુલદેવીનો-શાસન દેવતાનો કોપ ઊતરશે. તેના ખોફથી તમારા જાન-માલ-જીવન જોખમાશે. ' વગેરે વચનો કહી ખોટી લાલચો ને ખોટા ભય દેખાડી કુલાચારો કરાવે છે. પોતાના તરભાણા ભરાય એવા વિધિવિધાનો બતાવે છે ને કરાવે છે. જ્ઞાન, દર્શન કે ચારિત્રના ગુણના અંશ વગરના તેઓ ધોળે દિવસે બધાના દેખતાં લોકોને લૂંટે છે. લૂંટાએલા તે લોકોને દાદ-ફરિયાદ કરવાનું અહિં કોઇ ઠેકાણું નથી. સૂડી વચ્ચે સોપારી જેવી તેઓની સ્થિતિ છે.

કેટલાએક અજ્ઞાની જીવો સમજ્યા વગર જ તે માયાવીઓના ફંદમાં ફસાય છે. મૂર્ખ માણસો એટલુંએ સમજતા નથી કે આ નિર્ગુણીઓ-દોષથી ભરેલા-ભવના ભય વગરના પોતે જ ભવ-સંસાર-સમુદ્ર તર્યા નથી. અર્થાત્ ભવભ્રમણ ઘટે એવું આચરણ સેવતા નથી ને સંસાર વધે તેવા કુકર્મો કરે છે તે બીજાને કેવી રીતે તારશે ? પોતે જ દરિદ્ર છે તે બીજાને શું ન્યાલ કરવાનો ? કેવળ પોતે પાપ બાંધે છે ને બીજાને બંધાવે છે.

પ્રભો ! અહિં શું થવા બેઠું છે તેની કાંઇ સમજ પડતી નથી. અહિંના વ્યાધિનું નિદાન જ હાથમાં આવતું નથી. ધર્મ પણ પાઇ પૈસા માટે વેચાય છે. જે ફળ કલ્પતરુ-કામધેનુ-કામકુંભ કે ચિન્તામણિ નથી આપી શકતાં તેથી અધિક ફળ ધર્મ આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશ્વમાં સૌથી વધારે કિંમતી–મહામૂલ્ય કોઇ હોય તો તે ધર્મ છે. ધર્મનું મૂલ્ય આંકી શકાતું જ નથી. તે ધર્મને કુગુરુઓ દામ માટે–દોકડાની કિંમતે–અનર્થકારી અર્થને માટે છડેચોક વેચે છે. નાથ! આ તે જગતમાં શું શૂલ થયું છે? કૃપાનિધે! તેથી રક્ષા કરો, બચાવો, ઉદ્ધાર કરો. એ પેટભરા–અર્થના અર્થી કુગુરુઓ શુદ્ધ આચરણ તો નથી કરતાં પણ શુદ્ધ ઉપદેશ પણ નથી આપતા. તેમની દેશનામાં ધર્મ ને મોક્ષના માર્ગનું દર્શન પણ નથી હોતું. અર્થ અને કામના રસ્તાઓના ખ્યાલ અપાતા હોય છે. તાત્ત્વિક ઉપદેશ ન આપતા જનમનરંજન થાય તેવી વાતો કરે છે. લોકાકર્ષણ એ જ એમના વ્યાખ્યાનનો મુખ્ય ઉદ્દેશ હોય છે ને તેથી તેઓ ધર્મગ્રન્થોના સાચા અર્થ પણ નથી કરતાં. મનફાવતા અર્થ કરી પોતાના પાપમાર્ગોને પોષે છે. તેઓ પરમપદના પ્રકટ ચોર છે. મોક્ષમાર્ગના મુસાફરોના જબરજસ્ત ડાકુઓ છે. ધર્મસામ્રાજ્યના બળવંતા બહારવટીયા છે. પુણ્યપન્થના પ્રસિદ્ધ લૂંટારા છે. એવાઓથી માર્ગ શી રીતે વહે? એ લૂંટારુઓ જ વોળાવા થાય પછી શી મણા હોય? દયાળુ–દીનબન્ધો! એવાઓને અને એને અનુસરનારાઓને સન્મતિ સમર્પો. માર્ગ ચાલુ થાય તેવા યત્નો કરો.

સ્વામી! આપને હું શું કહું? અહિ ગૃહસ્થોને પણ ધર્મની નથી પડી. તેઓ તો વિષયરસમાં ગૃદ્ધ થઇ, આસક્ત બની માચે છે. તેવા ગૃહસ્થોની ઓથે એ લંપટી, કુગુરુઓ પણ માલમલીદા ઉડાવે છે, તેલફુલેલ–અત્તર વાપરે છે. વિષય વિલાસોમાં રચ્યાપચ્યા રહી માચે છે, મોજ માણે છે. મદોન્મત્ત થઇ નાચે છે. પોતાના ભક્ત–ભક્તાણીઓને નચાવે છે. એના આંધળા અનુયાયીઓ સ્વાર્થે એવાઓની પાછળ ઘેલા બની તેઓની લાલસાઓને પોષે છે. ધૂમ મચાવે છે. ધમાધમ કરે છે. તાલતમાસા કરી બાહ્યાડંબરમાં અણસમજુ આત્માઓને આકર્ષે છે. જ્ઞાનમાર્ગથી વેગળા રહે છે. અધ્યાત્મ દશાથી દૂર જાય છે. પશ્ચિમમાં પ્રગતિ કરે છે. તારક પ્રભો! આપ આત્માના હિતની દશા સુઝાડો. આજ તો એ પાખંડીઓના ઢોલ ટીપાય છે. ડિન્ડિમ વગાડી તેઓ પોતાની મિથ્યા માન્યતાને પ્રરૂપે છે. ઊંધી વિચારણામાં કદાગ્રહ–દુરાગ્રહ ધારણ કરી કલહમાં ઊતરે છે. તે તે જૂઠ્ઠા વિચારો ખાતર વિતંડા કરે છે. જિનવચનનું રહસ્ય સમજ્યા સિવાય અસત્ય આગ્રહમાં ગ્રહિલ–ભ્રમિત બની 'મારું એ જ સાચું' કરવા સમાજને ડોળે છે. માતેલા સાંઢની માફક સમાજને બોબડીબાઇનું ખેતર સમજી યથેચ્છ ખૂંદે છે. મોટી મોટી પદવીના પૂંછડા ને શિંગડા ધારણ કરી ઔચિત્ય ન સચવાય એવા આચરણ કરે છે. પોતાનું સાચું ઠરાવવા પરધર્મીઓને પણ પોષે છે, ચડાવે છે. પોતાનું ઘર પોતે સમજી શકતા નથી ને અન્દર લડી–ઝગડી–ખુવાર થઇ પારકા પાસે ઇન્સાફ કરાવવા દોડે છે. તે મન્દમતિઓ અહિં પણ દંભ કેળવે છે. પોતાની ચતુરાઇનો–પુણ્યોદયે પ્રાપ્ત થયેલ કાંઇક શક્તિનો દુરુપયોગ કરે છે. કેટલાએક પોતાના પાપોને ઢાંકવા માટે–નિજ દૂષણોને છૂપાવવા અર્થે તો કેટલાય સ્વસિદ્ધાન્ત સ્થાપવા પોતાના કલ્પેલા મતને દૃઢ કરવા સ્વચ્છન્દના મૂળ સ્થિર કરવા સિફતથા–હોંશિયારીથી ધર્મના ઉપદેશોને ફેરવી નાંખે છે. સત્ય કહેતા નથી, તથ્ય ઉપદેશતા નથી.

જગદ્ગુરુ! કમલની સુવાસ માટે ભ્રમર જેમ પરિભ્રમણ કરે છે તે જ પ્રમાણે ધર્મને માટે અહિંના લોકો જ્યાં ત્યાં ફાંફાં મારે છે. કમલને બદલે બહારથી પીળા દેખાતાં ગન્ધ વગરના પુષ્પ પર ભ્રમર જેમ નિરાશ થાય છે તેમ જુદે જુદે મુખે જુદા જુદા વચનો–ભિન્ન ભિન્ન વિચારો સાંભળી આ સાચું કે તે સાચું તેનો નિર્ણય કરી શકતા નથી ને નિરાશ થાય છે. પછી ધર્મીઓ–ધર્મના અર્થીઓ પણ કોઇના ઉપર વિશ્વાસ ધારણ કરતા નથી.

કરુણાનિધાન! આપ સર્વેને સરળ બનાવી સહમત કરો. સાચા એક રાહ ઉપર દોરો. સર્વે સંપથી એકમતમાં જોડાય એવું કાંઇક કરો, જેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનગીતા શતક.

( ગતાંક પૃષ્ઠ ૧૨૬ થી શરૂ. )

( મનહર છંદ. )

દરિશન શુદ્ધિ વિણુ, અજ્ઞાન ન થાય ક્ષીણુ, મીંડાઓ એકડા વિણુ, નકામા ગણાય છે;
લક્ષ વિના તાકે બાણુ, ધ્યેય વિના હાંકે વ્હાણુ, તેમ સમકિત વિણુ, નિરર્થક થાય છે.
જવું હોય પૂર્વ દિશ, ગમન પશ્ચિમ દિશ, કયાંથી પહોંચી શકીશ ? ઊંધે રસ્તે જાય છે;
પ્રથમ સમજ લઇ, સદ્ગુરુ પાસ જઇ, પછી પુરુષાર્થી થઇ, ગમન કરાય છે. ૨૨

કોઇ કહે મારો મત, કોઇ કહે તારો મત; કયાંથી એ ઇજારા ખત, લખાવીને લાવતાં ?
સત્ તે ત્રિકાળ સત્, મતાગ્રહી બાંધે મત, અજ્ઞાનીની એ છે લત, દુરાગ્રહ સેવતાં.
ત્યાગીને નકામો તંત, સેવો સદ્ગુરુ સંત, આવે તો કદાપિ અંત, સતને આરાધતાં;
મત ત્યાં તો સત નહિ, સત્ ત્યાં તો મત નહિં; સત્‌ની સાધનામહિં, અસત્ વિરાધતાં. ૨૩

વિચારીને વદો વેણુ, વચનથી ચડે તેણુ, સર્પ જેમ માંડે ફેણુ, ક્રોધથી ધમાઇને;
અપેક્ષાએ વાણી ખરે, અમૃત મુખથી ઝરે, સ્યાદ્વાદ ચારો ચરે, ક્ષમાથી ધરાઇને;
વચનની વિમળતા, જેમ વહેતી સરિતા, તૃપ્ત ભવિજન થતાં, પ્રેમથી પ્રેરાઇને;
વાણી સદા એવી હોય, દુઃખ નહિં થાય કોય; થાય નહિં હાયવોય, દુઃખથી પીડાઇને. ૨૪

સુવર્ણ કસોટી જેમ, ખંડન મંડન તેમ, પક્ષપાત હોય નેમ, સત્ ન પમાય છે;
પ્રભાત ઉદય થતો અંધકાર નાસી જતો, સત્‌નો વિજય થતો, પ્રકાશ છવાય છે.
છદ્મસ્થ અવસ્થામાં, વસતો અજ્ઞાનતામાં, સત્‌ને પારખવામાં, ભૂલ ખાઇ જાય છે;
જ્ઞાનીને મારગ ચાલો, અજ્ઞાની સંસાર બાળો, સર્વજ્ઞતા તેથી ભાળો, મુક્તિ એ ઉપાય છે. ૨૫

**અમરચંદ માવજી શાહ**

( ચાલુ )

---

તેઓનું અને અન્યનું કલ્યાણ થાય. ત્યાં બેઠા છતાં પણ તેમ કરવા આપ સમર્થ છો.

આપને મારી આ હાર્દિક વિજ્ઞપ્તિ છે. દુઃખાયેલ દિલની આ આરજૂ છે. મુંઝાયેલા મનની આ એક જ માંગણી છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રત્યેક બુદ્ધ.

લેખકઃ—રા. ચોકસી.

( ગતાંક પૃ૪ ૧૨૪ થી શરૂ. )

**ભરત મહારાજ—**

પ્રત્યેક બુદ્ધની વ્યાખ્યા દર્શાવી છે એમાં શ્રી ઋષભદેવના પુત્ર પ્રથમ ચક્રવર્તી મહારાજા ભરતનો પણ સમાવેશ થાય છે. બોધ પામવામાં કારણભૂત બનનાર પદાર્થ એ કોઇ મહત્વનો મુદ્દો નથી. મુખ્ય ભાગ ભજવનાર વસ્તુ તો એ વેળા આત્મા જે અનુપમ ભાવમાં રમણ કરતો હોય છે તે છે. અલબત્ત, ભાવનાનું મહત્વ આંકતાં બે વાત ખસુસ નેત્ર સામે રાખવાની છે અને તે એ કે ( ૧ ) દ્રવ્ય વિના ભાવની ઉત્પત્તિ સંભવતી નથી અર્થાત્ દ્રવ્ય જ ભાવનું કારણ છે અને ( ૨ ) પૂર્વના સંસ્કારનો ફાળો ઘણીયે વાર ચક્ષુ સામે અવનવા બનાવો આવી પડતાં છતાં જેમની દૃષ્ટિ ઓછી હોય છે કિંવા જેમની સંચિત મૂડીનુ તળિયું આવ્યું હોય છે એવાઓને એ ટાણે કંઈ જ નવીનતા ઉદ્ભવતી નથી, એમના પરિણામમાં ઉભરો જ ચઢતો નથી ! એટલે કહેવું પડશે કે સંસ્કારી આત્મા જ નિમિત્ત મળતાં પૂર્વ કમાઇના જોરે–પરિણામની ધારાએ–વિદ્યુત્ ગતિએ કૂચ કદમ કરતો આગળ વધે છે અને એ વેળા ગુણસ્થાનક વટાવતો, કર્મપૂંજનો સર્વથા ખોરકૂટો કરી નાંખતો, અથવા તો ઉપશમાવતો, સંસારભ્રમણના કારણોમાંના મોટા ભાગનો નાશ કરી નાંખે છે.

ક્ષય કરી ડગ ભરનાર યાને ક્ષપકશ્રેણીનો આશ્રય લઇ આગળ વધનાર એ જ ભવમાં મુક્ત દશાનો ભોક્તા થાય છે, જ્યારે ઉપશમાવી કૂચ કરનાર યાને ઉપશમશ્રેણીવાળો અગિયારમાથી પાછો પટકાઇ પડે છે. ક્ષય નહીં થયેલા ને સત્તામાં રહેલા કર્મો પુનઃ બળવો પોકારે છે. એની સામે પેલો આત્મા ટકી શકતો નથી જ. ક્રમ જ એવો છે કે એણે નમતું આપવું જ પડે છે. કર્મોનો પ્રભાવ વિજયવંત નીવડે છે અને ચઢેલો આત્મા ગુણસ્થાનકરૂપ શ્રેણીના અગિયારમા પગથિયેથી ગબડી પાછો પટકાય છે, એ ધક્કો એવા જોરથી લાગે છે કે વચમાંના કોઇ પગથિયે ન અટકતાં સીધો બીજે આવી રહે છે. આમ પરિણામની ધારા કેવું વિલક્ષણ કામ કરે છે અને એમાં કેવી કેવી તરતમતાઓ રહેલી છે એ સર્વના સમયે સમયે પલટાતાં રૂપો એ જ્ઞાની ભગવંતોના જ્ઞાનદર્પણમાં અવલોકાય છે. ચર્મચક્ષુના માનવો મનોપ્રદેશમાં ચાલી રહેલા આ આંતરિક યુદ્ધને કળી શકતાં નથી.

મહારાજા ભરતના આખા કથાનકને અહીં આલેખવાનું પ્રયોજન નથી.. નથી એમની ષટ્ખંડ સાધનાને કે બાહુબલિને નમાવવા આચરેલી કરણીને યાદ કરવાની જરૂર. એ અને એવા અન્ય ઘણાયે પ્રસંગો રાજવીના જીવનમાં સંખ્યાબંધ વર્ષો રોકે છે. વળી યુગાદિ જિનેશની ભક્તિમાં, તેમનો ફાળો નાનોસૂનો નથી. લૌકિક એવા ચક્રરત્નની પૂજા આઘી ઠેલી, 'રીઝવવો એક સાંઇ' જેવો સધિયારો ગ્રહણ કરી, પ્રથમ તીર્થપતિના સમવસરણમાં જનાર, ચાર વેદની રચના કરી 'માહન્' વર્ગ ઊભો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરનાર અને દાદી એવા મરુદેવી માતાને હસ્તી-પીઠ ઉપર કૈવલ્ય મેળવવામાં નિમિત્ત બનનાર ભરત મહારાજા કથાસાહિત્યના આભૂષણરૂપ તો છે જ પણ સંખ્યાબંધ પેઢીઓ સુધીના અણુ-મૂલા સ્મૃતિચિન્હ સમા પણ છે. પણ અહીં તો એ સર્વની નોંધ બાજુએ રાખી 'ભરત અરિસા-ભુવનમાં પામ્યા કેવલજ્ઞાન' એ વાકય ઉપર વિચારણા કરવાની છે.

ચક્રવર્તીના વૈભવવિલાસના તે વર્ણન શા કરવા? જેમ સ્વર્ગલોકમાં ઇંદ્રની રિદ્ધિસિદ્ધિ અજોડ ગણાય તેમ માનવ લોકમાં છ ખંડના આ સ્વામીની વાત સમજવી. ચૌદ રત્ન અને નવ નિધિ જેને હાજરાહજુર એને કઇ વાતની ઊણપ ગણાય! પૂર્વની કમાઇ પણ જબરી એટલે આરંભથી આખર સુધી લીલા લ્હેર! અસ્તોદયના સપાટામાં આવવાનું થયું પણ એની અસર નામ માત્રની! ચિંતાના વમળમાં અટવાવું પડયું પણ સુખ-સાહ્યબીના લાંબા વર્ષોના સરવાળામાં એ સાગર સામે બિન્દુ સમ લેખાય.

સુખ, સુખ અને સુખ વચ્ચે મહાલતા આ ચક્રવર્તી અલંકાર આદિથી વિભૂષિત થઇ અરિસા ભુવનમાં સ્વપ્રતિબિંબ નીરખવામાં મશગૂલ બન્યા હતા. એકલા જ હતા. 'મુખડા કયા દેખે દર્પણમે" જેવો પ્રશ્ન ઉદ્‌ભવે એવી સ્થિતિ હતી ત્યાં અકસ્માત બન્યો.

રખે માનતા એને રણભેરીનો ડિંડિમ નાદ! રખે કલ્પી લેતાં એને ધરતીકંપનો આંચકો! ત્રીજા આરાના એ આખરી વર્ષોમાં આવા ઉલ્કાપાતનો સંભવ નહોતો. હસ્તઅંગુલી પરથી એકાદી રત્નજડિત મુદ્રિકા નીકળી ભૂમિતળ પર ખનન કરતી દોડી ગઇ! આવી નાનકડી વાતને કોણ અકસ્માત્ કહે? અંગે સજાતાં અલંકારો નીકળીયે પડે ને ફરીથી પહેરાય પણ એમાં શી નવીનતા! પણ અહીં તો એ વીંટીએ કોઇ અનોખો ઇતિહાસ રચ્યો! ધરતીકંપના ધડાકા કરતાં યે જબરો ધડાકો કર્યો! ભરતચક્રીની એ મુદ્રિકા ઇતિહાસના પાને અમર બની!

કારણ એટલું જ કે સંસ્કારી આત્માના હ્રુદયભાવોને કોઇ નવી દિશામાં લઇ જવાને એને દીપિકાની ગરજસમી વિચારણાના મંગલા-ચરણ થયા. એ મુદ્રિકાવિહુણી અંગુલીની અટુલ્લી અને અશોભનિક દશાથી સંપૂર્ણ રીતે અલં-કૃત અને સુસજ્જ દેહયષ્ટિમાં માત્ર એ આંગળી જ વિકળતા જન્માવે છે. આટલી નાની શી ઊણપ આખાયે અંગની શોભાને મારી નાંખે છે! વિચારધારા આગળ વધે છે. એકથી આ દશા તો બે ત્રણના ઉમેરાથી કેવું પરિણામ આવે! એ જોવા એક પછી એક અલંકારો ઊતર્યે જાય છે. અખતરો આગળ વધે છે અને ચક્રીનો દેહ આભૂષણ વિનાનો બને છે. એ વેળા એનો દેખાવ ફળ અને પુષ્પ કે પર્ણ-વિહુણા સૂકા વૃક્ષ સમ શ્યામ જણાય છે. આભૂષણોની શોભાના માપ મપાય છે. એ જ ધોરણે વસ્ત્રોએ સર્જેલી સ્થિતિના મૂલ્યાંકન કરાય છે. એ બધા ઉપરના ઠઠારા આઘાં જતાં લોહી માંસના દેહનું, એમાં કામ આવેલા સાત ધાતુનું પૃથક્કરણ આરંભાય છે. વિચારણા અનોખો પલ્ટો લે છે અને હ્રુદયના ઊંડાણ-માંથી અવાજ ઊઠે છે. 'આ શોભા તો ઉછીના લાવેલા દાગીના જેવી! માત્ર ઘડીભરના આયુ-ષ્યવાળી! સરવાળે પારકી! **अनित्यं संसारे भवति सकलं यन्नयनगम्।**' આમ છ ખંડનો સ્વામી ઝળઝળાયમાન અને દુન્યવી ભોગોથી ભરપૂર એવા અરિસાભુવનમાં પ્રથમ ભાવનાના રહસ્યમાં પગલા માંડે છે. જ્ઞાની સંતો કહે છે કે સમ્યકત્વીને આશ્રવના સાધનો પણ સંવરરૂપે પારણમે છે કેમકે એની જોવાની, વિચારવાની દૃષ્ટિ જુદા પ્રકારની હોય છે. મનોપ્રદેશમાં

For Private And Personal Use Only

જબરૂં ધમસાણુ જામે છે. ભગવંતના વચનો એક પછી એક યાદ આવે છે. **'अनित्यानि शरीराणि' 'विभवो नैव शाश्वतः' 'असारमेव संसारः' 'संमीलने नयनयोर्नहि किंचिदस्ति' 'अतृप्ताः प्राणिनः सन्ति'** ભાવનાનો અંક ઉપર ચઢતો જાય છે. પુદ્ગલસર્જિત સૃષ્ટિના સાચા દર્શન થાય છે. આત્મતત્વની ઝાંખી થાય છે. સત્ અસત્નો વિવેક જોર પકડે છે. તજવા લાયક અને આદરવા લાયક કરણીનું ભાન થાય છે. હું કોણ? મારું શું કર્તવ્ય? એવો અહુ-લેક ઊઠે છે ત્યાં પડઘો સંભળાય છે. **'एकोऽहम् नत्थि मे कोई'** એ યુગલની રમઝટમાં કાળજૂનાં કર્મો ચળાઇ નષ્ટ થાય છે. આવરણુ હઠતાં જ કેવળજ્ઞાનરૂપી અનુપમ દીવડો પ્રકાશી ઊઠે છે.

---

# વર્તમાન સમાચાર.

અમને જણાવતાં આનંદ થાય છે કે અમારી સભાના માનવંતા લાઇફ મેમ્બર શ્રીયુત **ઓધવજી ધનજીભાઈ** શાહ સોલીસીટરના ચિ. ભાઇ **ચંદ્રકાન્ત** બી. કૉમની છેલ્લી પરીક્ષામાં સફળ થયા છે. તેમનો મુખ્ય વિષય બૅન્કીંગ હતો અને ઇન્ડીયન બૅન્કીંગ અને કરન્સીના વિષયમાં તેઓ પહેલે નંબરે પાસ થયેલ છે, અને મુંબઇની એક બૅન્કમાં તાલીમ માટે જોડાયેલ છે. ભાઈ ચંદ્રકાન્ત એક સારા ક્રિકેટ ખેલાડી છે. મુંબઈની જુદી જુદી કોલેજોમાંથી દર વરસે મુંબઇની યુનિવર્સિટી એક ક્રીકેટ ટીમ પસંદ કરી જુદે જુદે ઠેકાણે મેચ ગોઠવે છે તેમાં દર વરસે સીડનહામ કોલેજ તરફથી તેમની પસંદગી કરવામાં આવતી હતી. વિજય મરચન્ટ અને પ્રૉફેસર દેવધર જેવા જગમશહુર ક્રિકેટ ખેલાડીઓ સામે રમવાના તેમને પ્રસંગો પ્રાપ્ત થયેલ છે. આવા એક ઉત્સાહી જૈન યુવક બૅન્કીંગ અને કરન્સી જેવા વિષયમાં અને ક્રિકેટના જંગમાં વિશેષ સફળતા મેળવી જૈન કોમની પ્રતિષ્ઠાને ઉજવળ બનાવવામાં સેવા આપી પોતાનો ફાળો આપે એવી જરૂર આશા રાખીએ.

---

# સ્વીકાર અને સમાલોચના

**૧. સમ્મતિતત્વસોપાનમ્**—પ્રકાશક શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રન્થમાલા તરફથી મળી છે. આ ગ્રંથ જૈન તર્કશાસ્ત્રના પુરસ્કર્ત્તા મહાન્ તાર્કિક-શિરોમણિ શ્રીમદ્ સિદ્ધસેન દિવાકરનાં સમ્મતિતર્ક પ્રકરણુ ઉપર તર્કપંચાનન શ્રી અભયદેવસૂરિજીની તત્ત્વબોધિની નામની ટીકા છે. શ્રી સિદ્ધસેન દિવા-કરે અપૂર્વ ગ્રંથરચના કરી છે. તેમનું નામ જૈનોમાં જિહ્વાગ્રે છે. તેમની કૃતિ માનવ જીવોને મુક્તિપદ સોપાન છે.

**૨. ક્ષય અને દમમાં નૈસર્ગિક ઉપચાર**—લેખક. ભૂપતરાય મો. દવે. પ્રકાશક શ્રી. મહીપતરાય જાદવજી શાહ તરફથી મળ્યું છે. તેમાં ક્ષય અને દમનાં વ્યાધિઓ માટે કુદરતી ઉપચારો દર્શાવ્યા છે. આપણે ડૉક્ટરોની પાછળ પુષ્કળ દ્રવ્યનો વ્યય કરીએ છીએ, પરંતુ જો કુદરતી રીતે જ કુદરતે ઉત્પન્ન કરેલા તત્વોમાંથી દર્દી નિવારણુ કરવાનાં ઉપાય અજમાવીએ તો સારૂં સ્વાસ્થ્ય જાળવી શકીએ. આવા પુસ્તકોનાં પ્રચારની ખાસ આવશ્યકતા સમજીએ છીએ.

**૩. શ્રી કુંભારીયાજી ઊર્ફે આરાસાણુ**—લેખક શ્રી મથુરદાસ છગનલાલ શેઠે આ પુસ્તિકા લખી કુંભારીયાજી તીર્થ પર પ્રકાશ પાડ્યો છે. પ્રાચીન સમયમાં જૈનોની કેવી જાહોજલાલી હતી તે સ્હેજે સમજી શકાય છે. મંત્રી વિમળશાહે રાજ્ય-પ્રાપ્તિ કરી એટલું જ નહિં પણ જૈન ધર્મ પ્રત્યે તેમનો કેટલો અપૂર્વ પ્રેમ હતો તે આવા સુંદર દેહરાસરો બંધાવી ચિરસ્મૃતિ કાયમ કરી, લેખકે વિસ્તારથી વર્ણન દરેક દેહરાસરનું કર્યું છે. સાથે સાથે જૈન વણિક કોમની ઉત્પત્તિ પણ દર્શાવી છે. પ્રાપ્તિસ્થાન શેઠ મથુરદાસ છગનલાલ, વોરા શેરી, ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૪. શ્રી ગૌતમસ્વામીનો ફોટોગ્રાફ**—મ્હેતા નાગરદાસ પ્રાગજીભાઇ અમદાવાદવાળા તરફથી ભેટ મળ્યો છે. આ ફોટો સુંદર છે. ઉપાશ્રય, દેહરાસર, જાહેર સંસ્થાઓને ભેટ તરીકે મોકલાય છે. તેની કિંમત રૂ. ૧-૦-૦ છે. નફો સાધારણ ખાતામાં લઇ જવાનો છે.

**૫. સ્યાદ્યન્તરત્નાકર**—લેખક મુનિરાજ શ્રી દક્ષવિજયજી. પ્રકાશક શ્રી રાજનગર જૈન ગ્રન્થ પ્રકાશક સભા તરફથી ભેટ મળી છે. આ ગ્રંથ સંસ્કૃત ભાષાના ઉપાસકો માટે ઘણો જ ઉપયોગી છે અને આદરને પાત્ર છે.

**૬. શ્રી શાસનજયપતાકા**—પ્રકાશક. ઝવેરી ઝવેરચંદ રાયચંદ નવસારી–તરફથી ભેટ મળ્યું છે. આ પુસ્તકમાં પર્વતિથિની ક્ષય, વૃદ્ધિ બાબત વિવેચન કરવામાં આવ્યું છે.

**૭. રામાયણનાં પુષ્પો**—પ્રકાશક સસ્તું વાંચન કાર્યાલય, ભાવનગર તરફથી ભેટ મળ્યું છે. શ્રી તુલસીકૃત રામાયણમાંથી ચુંટેલા પુષ્પો છે.

**૮. હસ્તિનાપુર**—શ્રી જૈનાચાર્ય વિજયેન્દ્રસૂરિ તરફથી આ હિન્દી પુસ્તિકા બહાર પાડવામાં આવી છે. સભાને ભેટ તરીકે મળી છે. હસ્તિનાપુર કેવી રીતે હસ્તીમાં આવ્યું તેના પર વિવેચન કરવામાં આવ્યું છે.

**૯. શ્રી દીપાલિકા કલ્પ**—પ્રકાશક શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા તરફથી ભેટ મળી છે.

**૧૦. શ્રી સકલાર્હત્સ્તોત્રમ**—પ્રકાશક શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા તરફથી ભેટ મળી છે.

**૧૧. શ્રી દાદા પ્રભાકરસૂરિ અષ્ટપ્રકારી પૂજા**—લેખક :—શ્રી રિખવચંદ ડાગા, બીકાનેર તરફથી ભેટ મળી છે.

**૧૨.** શાહ પ્રેમચંદ વાડીલાલ તરફથી નીચેનાં પુસ્તકો શ્રી નેમિઅમૃત-ખાન્તિ-નિરંજન ગ્રંથમાળાનાં ભેટ મળ્યા છે.

શ્રી વીતરાગ ભક્તિ પ્રકાશ.

શ્રી જિનેન્દ્ર નૂતન સ્તવનમંજૂષા.

શ્રી મહાપ્રભાવિક નવસ્મરણાદિ સંગ્રહ.

શ્રી કલ્યાણકારિ સ્તવન સંગ્રહ.

શ્રી નવપદજી અનાનુપૂર્વી.

શ્રી સ્થાપનાજી.

---

# સદ્વિચાર રત્ન.

જ્યાં સુધી આપણી આજુબાજુમાં ગંદકી છે, ત્યાં સુધી આપણી જ સ્વચ્છતા ટકવાની નથી. જ્યાં સુધી આપણી આજુબાજુ ચેપી રોગો છે, ત્યાં સુધી આપણું જ આરોગ્ય સહીસલામત નથી. જ્યાં સુધી આપણી આસપાસ દરિદ્રતા છે, ત્યાં સુધી આપણો જ રોટલો નિર્ભય નથી. જ્યાં સુધી આપણી આસપાસ ચોર, લૂંટારા અને ખૂનીયો છે, ત્યાં સુધી આપણો જ જાન સુરક્ષિત નથી.

જ્યાં સુધી આપણી આસપાસ નિરક્ષરતા, અજ્ઞાન, અંધકાર, વહેમ, જડતા, કુરિવાજ, કુરુઢિયો છે, ત્યાં સુધી આપણું જ જીવન સ્વસ્થ નથી, સુખી નથી.

કંઇ નહિ તો આપણે આપણાં જ હિત માટે લડીએ. ગંદકી, ચેપી રોગો, દુષ્ટતા, દરિદ્રતા અને નિરક્ષરતા સામે આપણે જ ઊભા થઇએ અને ઝૂઝીએ.

દુનિયામાં ચાલી રહેલી અનેક લડતોમાંથી કઈ લડતમાં આપણે ઝુકાવશું ?

**શ્રી. નાનાભાઈ ભટ્ટ.**

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવા થએલા માનવંતા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧. | શાહ પ્રતાપરાય પ્રભુદાસ (૧) | લાઇફ મેમ્બર | ભાવનગર |
| ૨. | પારેખ મનસુખલાલ મગનલાલ (૧) | ,, | મુંબઇ |
| ૩. | દોશી જુઠાભાઇ દામોદરદાસ (૨) | ,, | ભાવનગર |
| ૪. | શાહ મણીલાલ અમરચંદ (૨) | ,, | ,, |
| ૫. | શેઠ ભરતકુમાર ચંદુલાલ (૧) | ,, | મુંબઇ |
| ૬. | શેઠ રણજીતકુમાર લાલભાઇ કુસમગર (૧) | ,, | ,, |
| ૭. | અ. સૌ. વસુમતી બ્હેન બબલચંદભાઇ (૧) | ,, | ,, |
| ૮. | અ. સૌ. ચંચળબ્હેન ભોગીલાલભાઇ મગનલાલ (૧) | ,, | ભાવનગર |
| ૯. | અ. સૌ. મધુમતીબ્હેન રમણીકલાલભાઇ ભોગીલાલભાઇ (૧) | ,, | ,, |

## ખાસ આભાર.

અગાઉ અમારા નિવેદનમાં જણાવ્યા પ્રમાણે આત્માનંદ પ્રકાશમાં આવતી ખોટની રાહત માટે વગર માંગ્યે નીચેના જૈન બંધુઓ તરફથી નીચે પ્રમાણે રકમ મળેલ છે તે આભાર સાથે સ્વીકારીએ છીએ.

રૂા. ૫૧) શેઠ શ્રી દોલતરામજી જૈની ગંગાનગર
૫) શેઠ શ્રી ચંદુલાલ સામળદાસ કપડવંજ
૨) શેઠ શ્રી ભગવાનલાલ ગાંડાભાઇ રાજપીપળા.

રૂા. ૫૮

શ્રી કુમારપાળ ચરિત્ર ( પૂર્વાચાર્ય કૃત ) ભાષાંતર અમારા શ્રી આત્માનંદપ્રકાશના સુજ્ઞ ગ્રાહકોને ભેટ આપવા માટે સભા વિચારી રહેલ છે.

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

## વાંચો–વિચારો– આત્મકલ્યાણ સાધો– જ્ઞાન ભક્તિ કરો–
## સ્થિતિસંપન્ન જૈન બન્ધુઓને એક નમ્ર સુચના—

રૂા. એકસોએક આપી આ સભાનું માનવંતા લાઇફ મેમ્બરનું સ્થાન મેળવી નવા નવા સુંદર પૂર્વાચાર્યોકૃત તીર્થંકર ભગવાનો, અન્ય ઉપકારી મહાન પુરૂષો અને આદર્શ સતી ચરિત્રો વાંચી પોતાનું અને બીજાઓને વંચાવી સ્વ પર કલ્યાણ સાધો.

અત્યાર સુધીમાં તે રીતે થયેલા પેટ્રન અને લાઇફ મેમ્બર જૈન બંધુઓએ લગભગ ૮૦ એંશી વિવિધ કથા ચરિત્ર વગેરેના ગ્રંથો શ્રી આદિનાથ પ્રભુ વગેરે સાત દેવાધિદેવોના બીજા મહાન પુરૂષોના અને સતી ચરિત્રો વગેરેના મળી મોટા ગ્રંથો ગમે તેટલી કિંમતનાં ( મફત ) ભેટ મેળવી જ્ઞાન ભક્તિ કરી, આત્મકલ્યાણ બને તેટલું સાધી સભા માટે આનંદ વ્યક્ત કર્યો છે, અને તે જાણી નવા નવા અન્ય જૈન બંધુઓ લાઇફ મેમ્બર પણ થતાં જાય છે.

હાલમાં **શ્રી સંઘપતિ** ચરિત્ર તથા શ્રી મહાવીર **યુગની મહાદેવીઓ** સચિત્ર પાંચસો ઉપરાંત પાનાના ઉપર પ્રમાણે આવતા ચૈત્ર માસ સુધીમાં નવા થનાર લાઇફ મેમ્બરને પણ તે ગ્રંથો ભેટ ( મફત ) ધારા પ્રમાણે ચૈત્ર માસમાં આપવાના છે.

તે પછી છપાતાં **શ્રી પાર્શ્વનાથ** પ્રભુ ચરિત્ર તથા **શ્રી વસુદેવહિંડી** બે ભાગ મળી ત્રણ ગ્રંથો **એક હજાર પાનાના** મોટા, તે પછી **કથારત્નકોશ**, શ્રી **શાંતિનાથ પ્રભુ ચરિત્ર** સુમારે ૮૦૦ પાનાના ગ્રંથો છપાય છે. તે ભેટ મળશે, જેમ જેમ નવા નવા ગ્રંથો છપાતા જશે તેમ તેમ

For Private And Personal Use Only

તે તે ગ્રંથો પણ ભેટ મળશે. ઓછામાં ઓછા આઠથી દશ રૂપીઆના કિંમતના દરેક વખતના ગ્રંથોની કિંમત મુદ્દલ થવા જાય છે. આ આર્થિક દૃષ્ટિએ પણ સારામાં સારો લાભ લેવાય છે અને વાંચી આત્મિક આનંદ પણ મેળવાય છે.

( એકાવન રૂપીઆ આપી બીજા વર્ગમાં લાઇફ મેમ્બર થનારને તે દરેક ગ્રંથોની કિંમતમાંથી બે રૂપીઆ ભેટના મજરે આપી બાકીની રકમ તેમની પાસેથી લઇ તેમને પણ ભેટ અપાય છે. )

---

## ૧ શ્રી વસુદેવહિંડી ગ્રંથ ( શ્રી સંઘદાસ ગણિકૃત ભાષાંતર )

તત્ત્વજ્ઞાન અને બીજી ઘણી બાબતોને પ્રમાણિક ઠરાવવા સાદતરૂપ આ ગ્રંથની સુમારે પાંચમા સૈકામાં તેની રચના થયેલી છે. મૂળ ગ્રંથનું બહુ જ પ્રયત્નપૂર્વકનું સંશોધનકાર્ય સદ્ગત મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. સાક્ષરવર્ય શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવ સાહેબે આ સભામાં એક વખત પધારી જણાવ્યું હતું કે–આ ગ્રંથનું મૂળ અને ભાષાંતર શુદ્ધ કરી પ્રગટ કરનાર જે સંસ્થા હશે તેણે ખરી સાહિત્યસેવા કરેલી ગણાશે. ભારતનો ઇતિહાસ તૈયાર કરવા માટે અજોડ અને બહુ જ પ્રાચીન ગ્રંથ છે. દરેક જૈન જૈનેતર સાક્ષર અને સાહિત્યકારની પ્રશંસાને પાત્ર થયેલ આ ગ્રંથ છે. આવા બહુ મૂલ્ય ગ્રંથનું ભાષાંતર વિદ્વાન રા. રા. ભોગીલાલ જ. સાંડેસરા એમ. એ. અમદાવાદવાળા પાસે તૈયાર કરાવેલ છે. શેઠ શ્રી બબલચંદભાઇ કેશવલાલ તરફથી તેમના પૂજ્ય પિતાશ્રી કેશવલાલભાઇના સ્મરણાર્થે પ્રકાશન કરવામાં આર્થિક સહાય રૂ. ૨૦૦૦) બે હજાર મળેલ છે. જે આવતા વૈશાક માસમાં લગભગ પ્રકટ થશે. ખરેખરી જ્ઞાનભક્તિનું આ ઉત્તમોત્તમ કાર્ય છે. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી અનેક જાણવા યોગ્ય વિષયો અને કથાઓ આવેલી છે.

---

## સુંદર વાંચવા લાયક ચરિત્રો.

### તીર્થંકર ભગવાન અને આદર્શ મહાન્ પુરુષોનાં ચરિત્રો.

### સિલિકે જુજ છે જલદી મંગાવો.

નીચેના તીર્થંકર ભગવાન અને સત્ત્વશાળી મહાપુરુષોના ચરિત્રોની ઘણી થોડી નકલ બાકી છે, ફરી છપાય તેમ નથી. જલદી મંગાવો.

| | |
|---|---|
| ૧ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ બીજો | રૂ. ૨–૮–૦ |
| ૨ સુમુખ નૃપાદિ કથાઓ | રૂ. ૧–૦–૦ |
| ૩ જૈન નરરત્ન ભામાશાહ | રૂ. ૨–૦–૦ |
| ૪ શ્રી પૃથ્વીકુમાર ચરિત્ર | રૂ. ૧–૦–૦ |
| ૫ મહારાજા ખારવેલ | રૂ. ૦-૧૨-૦ |
| ૬ શ્રી વિજયાનંદસૂરિ | રૂ. ૦–૮–૦ |
| ૭ શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા | રૂ. ૧–૮–૦ |
| ૮ કુમાર વિહાર શતક | રૂ. ૧–૮–૦ |
| ૯ શ્રીપાળ રાસ સચિત્ર | રૂ. ૪–૦–૦ |
| ૧૦ સમ્યકત્વ કૌમુદી | રૂ. ૧–૦–૦ |
| ૧૧ શ્રી શત્રુંજય પંદરમો ઉદ્ધાર સમરાશાહનું ચરિત્ર | રૂ. ૦–૪–૦ |
| ૧૨ શ્રી શત્રુંજયનો સોળમો ઉદ્ધાર શ્રી કર્માશાહનું ચરિત્ર | રૂ. ૦–૪–૦ |
| ૧૩ ધર્મબિંદુ અર્થ સહિત | રૂ. ૨–૦–૦ |
| ૧૪ ધર્મ પરીક્ષા | રૂ. ૧–૦–૦ |
| ૧૫ ચૌદરાજ લોકપૂજા | રૂ. ૦–૪–૦ |
| ૧૬ બ્રહ્મચર્ય પૂજા | રૂ. ૦–૪–૦ |
| ૧૭ સમ્યકત્વ દર્શન પૂજા | રૂ. ૦–૨–૦ |
| ૧૮ ધર્મ પરીક્ષા | રૂ. ૧–૦–૦ |
| ૧૯ નવસ્મરણ | રૂ. ૦–૮–૦ |
| ૨૦ શ્રી મહાવીર યુગની મહાદેવીઓ | રૂ. ૩–૮–૦ |

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.